જુલાઈ-૨૦૨૬

# પેન્શનર્સ પ્રકાશ

Dear Friends,

## A Resounding Vote of Confidence: A Renewed Commitment to Serve

The Executive Committee of **SBIPA, Gandhinagar Circle**, expresses its heartfelt gratitude to every member for once again reposing unwavering faith and confidence in its leadership.

As all of you are aware, the present Executive Committee, democratically elected in 2023, has successfully completed its three-year tenure. In keeping with the highest traditions of transparency and fairness, an independent Election Committee comprising members widely respected for their impartiality and integrity was constituted to conduct the election process. The Committee meticulously announced and adhered to the entire election schedule—from inviting nominations to scrutinising the papers and finally declaring the results.

SBIPA is, and has always remained, a welfare organisation dedicated exclusively to the interests of SBI pensioners and their families. It is neither affiliated with nor influenced by any political party or ideology. While elections are an essential feature of any democratic organisation, they also inevitably introduce an element of competition. At times, such competition may unfortunately give rise to misunderstandings, unhealthy rivalries, jealousy, or discord. For an organisation committed solely to the welfare of its members, such developments can become impediments to its harmonious functioning and collective purpose.

It is, therefore, a matter of immense satisfaction and pride that the entire Executive Committee—including the President, the General Secretary, and all Zonal and Regional Office Bearers—has been unamimously elected.

This is not merely an uncontested election; it is a powerful endorsement of unity, maturity, and collective wisdom. It reflects the confidence that our members have placed in the Committee's sincerity, integrity, and commitment to serve. We consider this overwhelming mandate not as a privilege, but as a solemn responsibility.

Such an unequivocal mandate carries several significant advantages.

First, it substantially enhances the credibility and stature of the Executive Committee before the SBI Management. A united organisation invariably commands greater respect and strengthens its ability to negotiate effectively on issues affecting pensioners, thereby improving the prospects of securing meaningful benefits for our members.

Second, it elevates the standing of our Circle within the Federation. A cohesive and unanimously elected leadership provides greater opportunities to build stronger networks across Circles and to participate more effectively in collective efforts on policy matters that require intervention at the Corporate Centre. Many issues concerning pensioners transcend Circle boundaries, and coordinated action at the national level often becomes indispensable.

Third, such a mandate not only enhances the esteem of the elected office bearers but also instils greater confidence and moral strength in them. It empowers them to represent the aspirations of the membership with conviction, knowing that they enjoy the wholehearted support of the very people they are privileged to serve.

Friends, we are living in an era marked by considerable uncertainty. The geopolitical situation, particularly in West Asia and within our own neighbourhood, remains unpredictable. Although the Indian economy continues to demonstrate remarkable resilience compared with many economies around the world, no nation can

વર્ષ-૧૯ • અંક : ૦૭
પ્રતિ અંક છૂટક કિંમત રૂ.૧૦/-
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૦/-

પ્રકાશન સ્થળ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ એસોસીએશન
એસબીઆઈ ઝોનલ ઓફિસ, ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

remain completely insulated from global developments. Economic uncertainties, inflationary pressures, rising healthcare costs, and increasing longevity present new challenges for pensioners.

In such circumstances, organisational unity assumes even greater significance. A strong, united, and credible association is better positioned to safeguard the interests of its members and to advocate effectively for improved pensionary and medical benefits. The mandate you have bestowed upon us strengthens our resolve and enhances our ability to pursue these objectives with renewed vigour.

On behalf of the entire Executive Committee, we express our deepest gratitude for your unconditional support and confidence. We rededicate ourselves to the ideals that brought this Association into existence—the welfare, dignity, and well-being of every member and their dependants. We pledge to continue working with transparency, dedication, inclusiveness, and accountability, always placing the interests of the membership above all else.

We also wish to place on record our sincere appreciation for those members who initially filed their nominations but, in a spirit of magnanimity and organisational harmony, decided to support and work with the current Leadership Team in the larger interest of our unity. Their gesture exemplifies the finest traditions of our Association and deserves our heartfelt respect. We appeal to all the members willing to contribute through their services in the areas of their expertise to come forward and strengthen our hands irrespective of their designations at the time of their retirement. All inclusiveness is the hallmark of our functioning.

Our sincere thanks are equally due to the following members of the Election Committee, whose painstaking efforts, impartial conduct, and meticulous planning ensured the smooth, transparent, and successful completion of the electoral process.

1) Mr Parag Buch, 2) Mr PiyushShsh,

3) Mr DevangChhaya, 4) Mr ChandrakantJajal,

5) Mr S M Bukhari

**Their contribution has further strengthened the democratic ethos of SBIPA.**

As we embark upon another term of service, let us move forward together—with unity in purpose, mutual respect, and an unwavering commitment to the welfare of every SBI pensioner.

Together, we are stronger.

Together, we can achieve more.

**Long Live SBI! - Long Live SBIPA!**

**Long Live Our Unity!**

**- Kamal Kadri-Editor**

---

પ્રિય મિત્રો,

## વિશ્વાસનો પ્રચંડ જનાદેશ : સેવા માટે નવેસરથી કરાયેલ પ્રતિબદ્ધતા

એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશન, ગાંધીનગર સર્કલની કાર્યકારી સમિતિ તેના તમામ સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે કે જેમણે ફરી એકવાર અમારી ટીમ પ્રત્યે અડગ વિશ્વાસ અને પૂર્ણ ભરોસો વ્યક્ત કર્યો છે.

આપ સૌ જાણો છો કે વર્ષ ૨૦૨૩માં લોકશાહી પદ્ધતિથી ચૂંટાયેલી વર્તમાન કાર્યકારી સમિતિએ તેના સફળ ત્રણ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે. પારદર્શિતા અને નિષ્પક્ષતાની શ્રેષ્ઠ પરંપરાને અનુરૂપ, નિષ્પક્ષતા અને પ્રમાણિકતા માટે જાણીતા સભ્યોની એક સ્વતંત્ર ચૂંટણી અધિકારીઓની સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ ઉમેદવારીપત્રો મંગાવવાથી લઈને તેમની ચકાસણી અને અંતે પરિણામોની જાહેરાત સુધી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સૂચિત કાર્યક્રમ અનુસાર અત્યંત કાળજીપૂર્વક અને પારદર્શક રીતે પૂર્ણ કરી છે.

એસબીઆઇપીએ હંમેશાં અને આજે પણ માત્ર એસબીઆઇના પેન્શનરો તથા તેમના પરિવારજનોના કલ્યાણ માટે સમર્પિત સંસ્થા રહી છે. તેનો કોઈપણ રાજકીય પક્ષ કે વિચારધારા સાથે કોઈ સંબંધ કે પ્રભાવ નથી. લોકશાહી સંસ્થામાં ચૂંટણી અનિવાર્ય છે, પરંતુ તેની સાથે સ્પર્ધાનું તત્ત્વ પણ જોડાયેલું રહે છે. ક્યારેક આવી સ્પર્ધા ગેરસમજ, અનિચ્છનીય હરીફાઈ, ઈર્ષ્યા કે મતભેદોને જન્મ આપી શકે છે. માત્ર સભ્યોના કલ્યાણ માટે કાર્યરત સંસ્થા માટે આવી પરિસ્થિતિઓ તેની સુમેળસભર કામગીરી અને સામૂહિક હેતુઓમાં અવરોધરૂપ બની શકે છે.

અમને અત્યંત સંતોષ અને ગૌરવની લાગણી થાય છે કે પ્રમુખ, મહામંત્રી તેમજ તમામ ઝોનલ અને પ્રાદેશિક હોદ્દેદારો સહિત સમગ્ર કાર્યકારી સમિતિ બિનહરીફ ચૂંટાઈ આવી છે.

આ પ્રક્રિયા પરિણામ માત્ર બિનહરીફ નથી; તે એકતા, પરિપક્વતા અને સામૂહિક શાણપણનું શક્તિશાળી પ્રતિબિંબ છે. જે દર્શાવે છે કે આપણાં સભ્યોએ સંસ્થાના પ્રતિધિનિઓમાં નિષ્ઠા, પ્રામાણિકતા અને સેવાભાવમાં અખંડ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. અમે આ પ્રચંડ જનાદેશને કોઈ વિશેષાધિકાર તરીકે નહીં, પરંતુ એક પવિત્ર જવાબદારી તરીકે સ્વીકારીએ છીએ.

આવો નિર્વિવાદ જનાદેશ અનેક મહત્વપૂર્ણ લાભો પણ પ્રદાન કરે છે.

પ્રથમ, તે એસબીઆઈ મેનેજમેન્ટ સમક્ષ કાર્યકારી સમિતિની વિશ્વસનીયતા અને પ્રતિષ્ઠામાં નોંધપાત્ર વધારો કરે છે. એકતાસભર સંસ્થાને હંમેશાં વધુ માન-સન્માન મળે છે અને પેન્શનરોને લગતા પ્રશ્નોમાં અસરકારક રીતે રજૂઆત કરવાની તેની ક્ષમતા વધુ મજબૂત બને છે. પરિણામે, અમારા સભ્યોના હિતમાં વધુ અર્થપૂર્ણ લાભો પ્રાપ્ત કરવાની સંભાવનાઓ પણ વધશે.

બીજું, તે ફેડરેશનમાં આપણા સર્કલનું સ્થાન અને માન વધુ મજબૂત બનાવશે. સર્વાનુમતે ચૂંટાયેલ અને સુસંગઠિત નેતૃત્વ અન્ય સર્કલ સાથે વધુ સશક્ત સંકલન સ્થાપિત કરી તેમજ કોર્પોરેટ સેન્ટરના સ્તરે હસ્તક્ષેપની જરૂર હોય તેવા નીતિગત પ્રશ્નોમાં વધુ અસરકારક રીતે ભાગ ભજવવાની પૂરી સંભાવનાઓ અને ક્ષમતા આપે છે. પેન્શનરોને લગતા ઘણા પ્રશ્નો માત્ર એક સર્કલ પૂરતા મર્યાદિત નથી હોતા; તેથી રાષ્ટ્રીય સ્તરે સંકલિત પ્રયાસો મોટાભાગે અનિવાર્ય બની જાય છે.

ત્રીજું, આવો જનાદેશ માત્ર ચૂંટાયેલા હોદ્દેદારોની પ્રતિષ્ઠામાં વધારો કરતો નથી, પરંતુ તેમનામાં આત્મવિશ્વાસ અને નૈતિક બળ પણ પ્રબળ બનાવે છે. તે તેમને સમગ્ર સભ્યમંડળની પૂર્ણ શુભેચ્છા અને સમર્થન સાથે, સભ્યોની આશાઓ અને અપેક્ષાઓનું દ્રઢતાપૂર્વક પ્રતિનિધિત્વ કરવાની શક્તિ અને પ્રેરણા આપે છે.

ચૂંટણી સમિતિના નીચે જણાવેલ સન્માનનીય સભ્યો પ્રત્યે પણ અમે અમારી હાર્દિક કૃતજ્ઞતા અને આભાર વ્યક્ત કરીએ છીએ. તેમની અથાક મહેનત, નિષ્પક્ષતા, સુચારુ આયોજન અને ઝીણવટભરી કામગીરીના પરિણામે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ, પારદર્શક અને સફળતાપૂર્વક સંપન્ન થઈ શકી.

શ્રી પરાગ બુચ, શ્રી પીયૂષ છાયા, શ્રી દેવાંગ છાયા, શ્રી ચંદ્રકાત્ જાજલ, શ્રી એસ. એમ. બુખારીએ આપેલ યોગદાને આ લોકશાહી પ્રક્રિયાને મજબૂત બનાવી છે. જો કે અમે એક નવી શરૂઆત કરવા જઈ રહ્યા છીએ ત્યારે ચાલો સાથે મળી, ખરા અર્થમાં એકતા પરસ્પરનો આદર અને પ્રતિબદ્ધતા, અડગતા સૌના કલ્યાણ માટે અપનાવીએ.

**કમાલ કાદરી**
**સંપાદક**

Harshit Shah: 9978908869 Amrish Shah: 9327008653

**PIFCON SERVICES LLP**

AMFI Registered Mutual Fund Distributor | ARN: 161995

*Your Trusted Investment Partner Since 1981*

PIFCON SERVICES LLP SINCE 1981

**COMPLETE INVESTMENT SOLUTIONS UNDER ONE ROOF**

Mutual Funds | Fixed Deposit | Insurance | Govt. Bonds | Gift City | NCD

✔ 40+ Years of Investment Experience
✔ Trusted by Thousands of Investors
✔ Personalized Guidance for Every Investor

**Address:** G/22, Hemkoot Building,
Near Gandhigram Railway Station,
Ashram Road, Ahmedabad – 380009

INVESTOR AWARENESS PROGRAM (IAP)
Learn Smart Investing | SIP | Tax Planning
Wealth Creation | Retirement Planning
Interested? Call: 9978908869

Office: 079 4007 1753 | 63599 31717

State Bank of India Pensioners' Association, (Ahmedabad)
Triennial Election (2026-2029)

Cir.No. SBIPA/EC/04 Date: 16.07.2026

**Please Circulate**
**All Members / Family Pensioners**

**SBIPA TRIENNIAL ELECTION: 2026-29**

We advise that the process of withdrawal of nomination forms has been completed as per time frame. Details after marking off of all the withdrawal forms are as under:

| | |
|---|---|
| Number of Valid nominations | 120 |
| Number of nominations withdrawn | 32 |
| Number of duplicates removed | 1 |
| Number of final candidates | 87 |

2. We are happy to inform that out of total 89 seats, candidates for 87 seats where nominations were received, are declared elected unopposed (after withdrawal of Nominations). For following 2 posts the nominations were not received.

| Post No. | Name of Post | No of posts |
|---|---|---|
| B-8 | EC Member, Mahisagar District | 1 |
| B-12 | EC Member, Dang District | 1 |

3. We annex the post wise list of candidates declared elected for the information of the members. Since the election process is over, this is treated as final result of SBIPA Triennial Election 2026-29.

Members are advised to refer to the list on notice board or website of SBIPA.

(Parag Buch)
Chairman Election Committee

(Piyush Shah)
Member Election Committee

sd/-
(Devang Chhaya)
Member Election Committee

(Chandrakant Vajal)
Member Election Committee

(S.M. Bukhari)
Member Election Committee



કોઈને 'નીચા પાડવા'થી પ્રતિષ્ઠા નથી વધતી, કોઈને ઊભા કરશો તો માન અને મોભો બધું જ વધશે.

# State Bank of India Pensioners' Association, Ahmedabad Triennial Election (2026-2029)

**Annexure to Circular No. SBIPA/EC/03**

**Group A: Post No. A/1**
**Post: President: No. of Posts 1**

| Sr.No. | PF No. | Name |
|---|---|---|
| 1 | 1710702 | RAMESHCHANDRA NATVARLAL CHOKSHI |

**Group A: Post No. A/2**
**Post: Vice President: No. of Posts 3**

| Sr.No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 5182352 | CHINTAK PARSOTAMBHAI PATEL |
| 2 | 5173523 | PITAMBAR GANDABHAI PARGHEE |
| 3 | 2886197 | SUBHASH MANUBHAI PATEL |

**Group A: Post No. A/3**
**Post: General Secretary: No. of Posts 1**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1745689 | KAMALUDDIN SIRAJUDDIN KADRI |

**Group A: Post No. A/4**
**Post:Joint General Secretary: No. of Posts 3**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 2901323 | GUNVANT LALJIBHAI PATEL |
| 2 | 2880970 | KANTILAL MOHANBHAI PARMAR |
| 3 | 1737724 | RAMANBHAI MAFATBHAI VAGHELA |

**Group A: Post No. A/5**
**Post:Organising Secretary: No. of Posts 1**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 2890178 | SUBHASHCHANDRA PUSHPKANT PATEL |

**Group A: Post No. A/6**
**Post:Treasurer: No. of Posts 1**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1724711 | RAVINDRA AMBALAL SOLANKI |

**Group A: Post No. A/7**
**Post:Assistant Treasurer: No. of Posts 1**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1740547 | JAGAT BIPINCHANDRA PATEL |

**Group A: Post No. A/8**
**Post:Deputy General Secretary: No. of Posts 6**

| Sr. No. | Pf Number | Name | Admin Office |
|---|---|---|---|
| | | A/8 Ahmedabad Admin Office (No of post - 1) | |
| 1 | 5210992 | MUKESH HIMATLAL DAVE | AAO |
| | | A/8 Gandhinagar Admin Office (No of post - 1) | |
| 2 | 3505928 | VASTABHAI DUDHABHAI VANKAR | GAO |
| | | A/8 Vadodara Admin Office (No of post - 1) | |
| 3 | 1727311 | SUDHIRKUMAR KANTILAL JANI | VAO |
| | | A/8 Surat Admin Office (No of post - 1) | |
| 4 | 1708805 | RAJENDRAKUMAR R. DESAI | SAO |
| | | A/8 Rajkot Admin Office (No of post - 1) | |
| 5 | 5187338 | SHARADCHANDRA DEVNANDBHAI DAVE | RAO |
| | | A/8 Bhavnagar Admin Office (No of post - 1) | |
| 6 | 5175623 | BHARAT HARIHARBHAI BHATT | BAO |

**Group B: Post No. B/1**
**Post:EC Member, Ahmedabad City and District: No. of Posts 20**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1727443 | AMBARISH SHASHIKANT HATHI |
| 2 | 1729810 | ARVINDBHAI KALIDAS BATHWAR |
| 3 | 2902788 | CHETAN AMBALAL PATEL |
| 4 | 2882485 | DEVNATH KESHAVRAO DALAL |
| 5 | 1727192 | Smt.DINAZ NOZER KALWACHWALA |
| 6 | 1740873 | HIMANSHU PUNAMCHAND SHAH |
| 7 | 2880733 | JIKESH HARSHADRAI PATEL |
| 8 | 2886375 | KANTILAL BHAGWANBHAI PATEL |
| 9 | 1715836 | KIRIT NATVERLAL MEHTA |
| 10 | 2894254 | KRISHNAMURTHY RAJAGOPALAN |
| 11 | 2885492 | Smt,LALITHAMBAL HARI IYER |
| 12 | 2884720 | M THIAGARAJAN IYER |
| 13 | 3506533 | MAHENDRABHAI BHAGWANDAS CHAUHAN |
| 14 | 2888793 | PRAVINCHANDRA VARUBHAI SOLANKI |
| 15 | 1743457 | RAJUBHAI AMRUTLAL SHAH |
| 16 | 2887673 | RAJUL HARISHBHAI BHATT |
| 17 | 1729691 | RAMANLAL VALJIBHAI MAKWANA |
| 18 | 2880326 | RAMESH HIRALAL MAHAVAR |
| 19 | 5229766 | RAVIKUMAR DAHYABHAI VAGHELA |
| 20 | 2902206 | Smt,REKHA KRISHNAKANT NIKHARE |

**Group B: Post No. B/2**
**Post:EC Member, Vadodara City & District: No. of Posts 9**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1721445 | BALDEVBHAI KESURBHAI PARMAR |
| 2 | 2884011 | Smt,CHHAYA DEVENDRA SHAH |
| 3 | 2900696 | DILIP BALKRUSHNA SONAWANE |
| 4 | 3505650 | NARESHKUMAR BUDHALAL SHAH |
| 5 | 2888637 | Smt,NAYANA A SELAT |
| 6 | 1748467 | PRAKASH JAMANDAS MANGLANI |
| 7 | 5219450 | RAJENDRA HARIMAL LALWANI |
| 8 | 2902036 | RONAK INDRAVADAN MEHTA |
| 9 | 1739921 | VINAY HRUSHIKESH MAJMUDAR |

**Group B: Post No. B/3**
**Post:EC Member, Chhota Udepur District: No. of Posts 1**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 2905736 | KISHANBHAI BACHUBHAI KOLI |

**Group B: Post No. B/4**
**Post:EC Member, Surat City and District: No. of Posts 2**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 5172853 | ASHVINBHAI CHHOTUBHAI RATHOD |
| 2 | 1740237 | ATUL BABARBHAI CHAUDHARI |

**Group B: Post No. B/5**
**Post:EC Member, Tapi District : No. of Posts 1**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1729047 | SUNILKUMAR MOHANLAL PATEL |

**Group B: Post No. B/6**
**Post:EC Member, Panchmahal District : No. of Posts 1**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 2887169 | ASHWEEN KANTILAL GHUGHARIWALA |

**Group B: Post No. B/7**
**Post:EC Member, Dahod District : No. of Posts 1**

| Sr. No. | Pf Number | Name of Nominee |
|---|---|---|
| 1 | 1737163 | KAIZAR ASGARALI NOORBHAIWALA |

**Group B: Post No. B/8**
**Post:EC Member, Mahisagar District : No. of Posts 1**

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| | | No nomination received |

Group B: Post No. B/9

Post:EC Member, Bharuch District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 3509559 | YOGESHCHANDRA CHANDULAL MEHTA |

Group B: Post No. B/10

Post:EC Member, Narmada District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 2889935 | CHANDRAKANT CHIMANLAL GAJJAR |

Group B: Post No. B/11

Post:EC Member, Valsad District (incl DN) : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1704958 | HARESH GOVINDJI DESAI |

Group B: Post No. B/12

Post:EC Member, Dang District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| | | No nomination received |

Group B: Post No. B/13

Post:EC Member, Anand District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1711164 | VINODRAI VRAJLAL MAVANI |

Group B: Post No. B/14

Post:EC Member, Kheda District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 2883015 | PRAVINKUMAR LALDAS VAIDYA |

Group B: Post No. B/15

Post:EC Member, Gandhinagar City and District : No. of Posts 2

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1729543 | ISHVARBHAI GALABHAI PARMAR |
| 2 | 2882167 | SHAILESH BHANUSHANKAR JOSHI |

Group B: Post No. B/16

Post:EC Member, Sabarkantha District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 3521125 | AJAYKUMAR MAHENDRABHAI PARMAR |

Group B: Post No. B/17

Post:EC Member, Aravalli District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1739212 | VINODKUMAR BAHECHARBHAI PATEL |

Group B: Post No. B/18

Post:EC Member, Mehsana District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1730185 | MADHUKUMAR MULJIBHAI SOLANKI |

Group B: Post No. B/19

Post:EC Member, Patan District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 2896583 | JAGDISHBHAI JAYANTILAL KHAMAR |

Group B: Post No. B/20

Post:EC Member, Banaskantha District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 2898632 | SUKANRAJ PRATAPBHAI RATHOD |

Group B: Post No. B/21

Post:EC Member, Vav-Tharad District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name of Nominee |
|---|---|---|
| 1 | 2907747 | DINESHKUMAR BABALDAS MEVADA |

Group B: Post No. B/22

Post:EC Member, Surendranagar District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 5211468 | MAHESH JAYSUKHLAL PAREKH |

Group B: Post No. B/23

Post:EC Member, Jamnagar District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 5216370 | KIRIT PRATAPRAY POMAL |

Group B: Post No. B/24

Post:EC Member, Dev Bhumi Dwarka District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 2905760 | JAYSUKHBHAI DAHYABHAI VAGHELA |

Group B: Post No. B/25

Post:EC Member, Porbandar District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 5204968 | MAHENDRA DHIRAJLAL LAKHANI |

Group B: Post No. B/26

Post:EC Member, Junagadh District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 5209749 | MUKESH LAXMIDAS KARIYA |

Group B: Post No. B/27

Post:EC Member, Gir-Somnath District (Incl Diu) : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 5210518 | BIPINKUMAR VALLABHJI NIRMAL |

Group B: Post No. B/28

Post:EC Member, Bhavnagar City and District : No. of Posts 6

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 5184126 | ABDULGAFAR MAHMADBHAI CHAUHAN |
| 2 | 5185947 | BHARAT C. VITHALPURA |
| 3 | 5188792 | BHASKAR RAMNIKLAL RATHOD |
| 4 | 5175984 | NARENDRA SHAMBHUPRASAD JOSHI |
| 5 | 5193079 | RAMESH PARUMAL DUSEJA |
| 6 | 5207673 | RAVINDRA PRAVINCHNDRA PATEL |

Group B: Post No. B/29

Post:EC Member, Botad District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name of Nominee |
|---|---|---|
| 1 | 5200377 | AJITSINH RAISANGBHAI RATHOD |

Group B: Post No. B/30

Post:EC Member, Amreli District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 2909839 | DEEPAKKUMAR VALLABHBHAI SARVAIYA |

Group B: Post No. B/31

Post:EC Member, Kutchch District : No. of Posts 2

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 1718010 | JAYANT T. DAIYA |
| 2 | 1720384 | PRAKASH CHAMANLAL SHAH |

Group B: Post No. B/32

Post:EC Member, Rajkot City and District : No. of Posts 4

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 5180554 | DAKSHINBHAI PRAMODRAI JOSHI |
| 2 | 1726250 | JANARDANBHAI SHASHIKANT ACHARYA |
| 3 | 5200679 | JITENDRA CHUNILAL GANATRA |
| 4 | 1725432 | SHIRISH NIRAJRAI KACHHI |

Group B: Post No. B/33

Post:EC Member, Morbi District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| 1 | 5178541 | BIPINCHANDRA NAVALCHAND SANGHVI |

Group B: Post No. B/34

Post:EC Member, Navsari District : No. of Posts 1

| Sr. No. | Pf Number | Name |
|---|---|---|
| | 2881101 | DARAYUS ERACH SOORTY |

 આપણી પાસે કેટલું છે તેમાં નહિ પણ આપણે કેટલું માણી શકીએ છીએ તેમાં સુખ સમાયેલું છે - રવીન્દ્રનાથ ટાગોર

# અમદાવાદના આંગણે યોજાયો સુરોની સરગમ સાથે પેન્શનર્સ મીટ, હેલ્થ અવેરનેસ અને સન્માન સમારોહનો કાર્યક્રમ




સાબરમતી સરિતા જેના કદમ ચૂમી રહી છે એવા ટાગોર હોલ-અમદાવાદના આંગણે તા. ૧૭-૦૬-૨૦૨૬ના રોજ સુરોની સરગમ સાથે "પેન્શનર્સ મીટ", હેલ્થ અવેરનેસ તથા ૭૦ વર્ષની વય અને લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર સભ્યોનો સન્માન સમારંભ યોજાયો.



સન્માન સમારોહમાં ૭૦ વર્ષની વય પૂર્ણ કરનાર સભ્યોની સંખ્યા ૨૬૯ હોઈ કાર્યક્રમમાં વ્યવસ્થિત રીતે સમયસર દરેક સભ્યનું સન્માન થાય એના ભાગરૂપે ટાગોર હોલના પ્રાંગણમાં બનાવવામાં આવેલ 'સન્માન સ્ટેજ' ઉપર રજિસ્ટ્રેશન થયા પ્રમાણે ક્રમાનુસાર સભ્યોનું સન્માન કરવામાં આવ્યું.



સન્માનિત થનાર સભ્યોમાં અદમ્ય ઉત્સાહ, હર્ષોલ્લાસ જોવા મળ્યા. આવા રૂડા અવસરમાં સહભાગી થવાનું અને પેન્શનર્સ પરિવારના સભ્યોને પરસ્પર મળવાનો મોકો પણ મળ્યો. સન્માન સમારોહની સાથે સાથે સુરોની સરગમની મહેફીલમાં પેન્શનર્સ પરિવારના ઉમદા ગાયક "વોઈસ ઓફ મોહમ્મદ રફી" એવા શ્રી પવનકુમારે જુના ગીતોની રમઝટે સૌને મંત્રમુગ્ધ કર્યા. સહકલાકાર તરીકે શ્રી પવનકુમારની સુપુત્રી સુનાલીએ સંગીતની મહેફીલને રોમાંચક બનાવી.

સંગીતની સાથે પેન્શનર્સ પરિવારના તમામ સદસ્યોની તંદુરસ્ત જીવન શૈલી માટે આપણાં શરીરના મહત્ત્વના અંગ એવા આંખના રોગો, તેની કાળજી વિગેરે બાબતો માટે



"આઈકેર હોસ્પિટલ"ના **ડો. અંશીતા રાઠોડે** ઉપસ્થિત રહી પ્રેઝન્ટેશન રજુ કર્યું અને એસબીઆઇ પેન્શરો માટે તેમની હોસ્પિટલમાં સારવાર માટે ખાસ સુવિધાની જાહેરાત કરી હતી. અન્ય એચસીજી હોસ્પિટલના (Head & Neck Surgery and Reconstruction) **ડો. દક્ષેસ પટેલે** કેન્સર વિશે પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું. આ કાર્યક્રમમાં એસબીઆઈ-LHO, ગાંધીનગરથી સીડીઓ શ્રી શેખર શુક્લા, પીપીજી એજીએમ શ્રી સુબ્રતો રંજનદાસ, એસબીઆઈ ઓફિસર્સ એસો.ના જનરલ સેક્રેટરી શ્રી રંજન કરણ, સેવાના જનરલ સેક્રેટરી શ્રી પિયુષ વ્યાસ, ઓબીસી વલ્ફેરના જનરલ સેક્રેટરી શ્રી નિરલ વૈષ્ણવ અને અન્ય આમંત્રિત મહેમાનોના પણ દિલ જીતી લીધા હતા. આમ ત્રણ કલાક એસબીઆઈ પરિવારજનોએ સંગીતની મહેફીલની મોજ માણી.

કાર્યક્રમની શરૂઆતમાં પરમ કૃપાળુ પરમાત્માને યાદ કરી ઉપસ્થિત મહેમાનો શ્રી શેખર શુક્લા, શ્રી સુબ્રતા રંજન દાસ,




શ્રી રંજન કરણ, શ્રી પિયુષ વ્યાસ, શ્રી નિરલ વૈષ્ણવ, શ્રી આર. એન. ચોક્સી, શ્રી કમાલ કાદરી અને ઉપસ્થિત અન્ય મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો.



એસબીઆઈપીએના સફળતાપૂર્વક ત્રણ વર્ષની મુદત પૂરી થતાં બંને સુકાનીઓ સર્વશ્રી આર. એન. ચોક્સી, કમાલ કાદરીનું પુષ્પના હાર દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. સાથે ઉપસ્થિત મહેમાનોનું પણ પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું.



એસબીઆઈપીએના પ્રમુખશ્રી આર. એન. ચોક્સી દ્વારા કાર્યક્રમના મુખ્ય મહેમાન સીડીઓ શ્રી શેખર શુકલા, એજીએમ (પીપીજી) શ્રી સુબ્રતો રંજન દાસ, એસબીઆઈ ઓફિસર્સ એસો.ના જનરલ સેક્રેટરી શ્રી રંજન કરણ, સેવાના જનરલ સેક્રેટરી શ્રી પિયુષ વ્યાસ, ઓબીસી વેલ્ફેર એસો.ના જનરલ સેક્રેટરી શ્રી નિરલ વૈષ્ણવ તથા અન્ય આમંત્રિતો મહેમાનોની સાથે ઉપસ્થિત તમામ પેન્શનરોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું અને આજના કાર્યક્રમને સફળતા બક્ષવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના આમંત્રિત મહેમાનોમાં ઓફિસર્સ એસો.ના જનરલ સેક્રેટરી શ્રી રંજન કરણ, સેવાના જનરલ સેક્રેટરી શ્રી પિયુષ વ્યાસ, ઓબીસી વેલ્ફેર એસો.ના જનરલ સેક્રેટરી શ્રી નિરલ વૈષ્ણવે પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.



જનરલ સેક્રેટરી શ્રી કમાલ કાદરીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે સીડીઓ શ્રી શેખર શુકલા સાહેબની અત્યંત વ્યસ્તતા હોવા છતાં આજના કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી તે માટે તેમને અભિનંદન. તેમણે સીડીઓ તરીકેનો ચાર્જ સંભાળ્યા બાદ સીધા આપણાં કાર્યક્રમમાં ઉપસ્થિત થયા છે. તેમના એસબીઆઈપીએ સાથેના નવા સંબંધની શરૂઆત છે. સાથે એસબીઆઈપીએની કામગીરી ની સવિસ્તાર માહિતી આપી હતી. ઉપરાંત અત્યાર સુધીમાં શ્રી વિક્રમ ઝા સાહેબે એસબીઆઈપીએના પ્રશ્નોના નિરાકરણ માટે જે સકારાત્મક વલણ અપનાવ્યું છે તે રાહ ને શ્રી શેખર શુક્લા સાહેબ જાળવશે. તેવી આશા વ્યક્ત કરી હતી.





કાર્યક્રમમાં સીડીઓશ્રી શેખર શુક્લા સાહેબે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે પહેલી વાર અમદાવાદના કાર્યક્રમમાં ઉપસ્થિત થયો છું. પેન્શનરોની અદ્‌ભૂત હાજરીથી અભિભૂત થયો છું. આપ સૌને મળવાનો રૂડો અવસર પ્રાપ્ત થયો. તેથી હૃદયથી ગદ્‌ગદિત થયો છું. પેન્શનર્સ એસોસિયેશનની આવી સુંદર એક્ટિવીટીથી પ્રભાવિત પણ થયો છું. આપ સૌએ મારૂં અદ્‌ભૂત સન્માન કર્યું તે માટે આપનો આભારી છું અને હંમેશાં આપના પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહીશ.



લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર ૬૪ દંપતિઓનું સન્માન કરવામાં આવ્યું. ઘણાં લાંબા સમય સુધી કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સૌની વચ્ચે થયેલું યાદગાર સન્માન તેઓની યાદોની ગઠરીમાં ઉમેરાઇ ગયું અને મનમાં અત્યંત પ્રશંન્નતા અનુભવી.

**સ્વૈચ્છીક દાન :**

આજના કાર્યક્રમમાં ઉપસ્થિત પેન્શનરો દ્વારા સ્વૈચ્છીક રીતે એસબીઆઇ પેન્શનર્સ એસોસિયેશનને દાનનો અવિરત પ્રવાહનો ઉત્સાહ જોવા મળ્યો. સંગીતની મહેફીલથી શરૂ થયેલો દાનનો પ્રવાહ કાર્યક્રમના અંત સુધી જોવા મળ્યો. જેના થકી એસબીઆઇપીએની ટીમની કામગીરી અને વિશ્વાસ વધુ મજબૂત બન્યો. આ પ્રસંગે એસબીઆઇપીએની ટીમના ઉપપ્રમુખ સર્વશ્રી પી.જી. પારઘી, સુભાષ પટેલ, જોઇન્ટ જનરલ સેક્રેટરી સર્વશ્રી કાન્તીલાલ પરમાર, રમણ વાઘેલા, ઓર્ગેનાઇઝ સેક્રેટરી શ્રી કે. વી. શાહ, ટ્રેઝરર શ્રી રવિ સોલંકી, આસિ. ટ્રેઝરર શ્રી જગત પટેલ, કમિટી સદસ્ય સર્વશ્રી હિમાંશુ શાહ,



અમરીશ હાથી, દિનાઝબેન, રેખાબેન, સુભાષ પટેલ, આર. વી. મકવાણા, એ. કે. બથવાર, રાજુભાઈ શાહ, રમેશ મહાવર, કે. એન. મહેતા, રાજુલભાઈ ભટ્ટ, ક્રિષ્નમૂર્તિ, ત્યાગરાજન, સી. ડી. વાઘેલા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. અત્યાર સુધીના લાંબામાં લાંબા કાર્યક્રમમાં પેન્શનરોની ઉપસ્થિતિ એસબીઆઈપીએની નેતાગીરીમાં અતૂટ વિશ્વાસ, શ્રદ્ધાની પ્રતિતિ થઈ. એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશનના અમદાવાદના તમામ હોદ્દેદારો અને સક્રિય સભ્યોએ તેમને સોંપવામાં આવેલી વોલિયન્ટર્સની જવાબદારી બાખુબી અદા કરી તે માટે તમામને દિલથી અભિનંદન.

આ અદ્દ્ભૂત કાર્યક્રમનું સંચાલન એસબીઆઈપીએના જોઈન્ટ જનરલ સેક્રેટરી શ્રી કાન્તીલાલ પરમારે કર્યું હતું.



# ESTEEMED MEMBERS

With hearts filled with gratitude and humility, Team SBIPA – Gandhinagar Circle expresses its sincere thanks to every member for the overwhelming trust, confidence, and affection you have once again reposed in us by unanimously re-electing the entire team for the 2026–2029 term.

Your unanimous mandate is far more than an election victory—it is a reaffirmation of your faith in our commitment to serve the pensioners' fraternity with dedication, integrity, and transparency. We are deeply touched by this historic gesture of unity and confidence.

We also extend our heartfelt appreciation to all our fellow members who came forward to serve by filing their nominations. Their gracious support in enabling a unanimous election reflects the true spirit of solidarity and the collective interest of our association. Such unity is our greatest strength.

This honour carries with it an even greater responsibility. We pledge to work tirelessly to make SBIPA stronger, more vibrant, and more responsive to the needs and welfare of every pensioner. SBIPA belongs to each one of you, and we warmly invite your continued guidance, constructive suggestions, and active participation in taking our organisation to greater heights.

We also place on record our sincere appreciation for the exemplary role played by the Election Committee under the able leadership of Shri Parag Buch, along with esteemed members Sarva Shri Piyush Shah, C. J. Jajal, Devang Chhaya, and A. M. Bukhari. Their impartiality, meticulous planning, and efficient conduct ensured a smooth, transparent, and unanimous election process, upholding the finest democratic traditions of SBIPA.““We bow our heads in gratitude for this remarkable and historic expression of faith. Your unwavering support will further strengthen the stature and credibility of SBIPA before the Federation and the Bank.

Together, let us continue this journey of service, unity, and progress.

With sincere gratitude and warm regards,

| | | |
|---|---|---|
| **R. N. Chokshi** | **TEAM** | **Kamal Kadri** |
| **Presiden**t | SBIPA | **General Secretary** |

 એ સફળતાની નિસરણી શું કામની કે જેમાં માણસ તો ઉપર ચડે પણ માણસાઈ નીચે ઉતરી જાય...!!!

# આદરણીય સભ્યશ્રીઓ

અપાર કૃતજ્ઞતા, વિનમ્રતા અને આત્મીય ભાવના સાથે એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશન-ગાંધીનગર સર્કલની સમગ્ર ટીમને વર્ષ ૨૦૨૬-૨૯ના કાર્યકાળ માટે સર્વાનુમતે પુનઃચૂંટાઇ આવીને અમારા પ્રત્યે જે અખૂટ વિશ્વાસ, અવિચળ શ્રદ્ધા અને સ્નેહ વ્યક્ત કર્યો છે તે બદલ આપ સૌનો હૃદયપૂર્વકનો આભાર વ્યક્ત કરીએ છીએ.

આપનો સર્વાનુમતે મળેલો જનાદેશ માત્ર ચૂંટણીમાં પ્રાપ્ત થયેલી સફળતા નથી; તે પેન્શનર પરિવારની નિષ્ઠાપૂર્વક, પ્રામાણિકતાપૂર્વક અને પારદર્શક રીતે સેવા કરવાની અમારી પ્રતિબદ્ધતા પ્રત્યે આપના અડગ વિશ્વાસનું ગૌરવપૂર્ણ પુનઃસમર્થન છે. એકતા, વિશ્વાસ અને સૌહાર્દની આ ઐતિહાસિક અભિવ્યક્તિએ અમારા હૃદયને ઊર્મિસભર રીતે સ્પર્શ્યું છે અને અમને વધુ જવાબદાર બનાવ્યા છે.

એસોસિયેશનની સેવા માટે ઉમેદવારી નોંધાવી પોતાની સેવાઓ અર્પણ કરવાની તૈયારી દર્શાવનાર તમામ સભ્યમિત્રો પ્રત્યે પણ અમે હાર્દિક અભિનંદન અને કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. સર્વાનુમતે ચૂંટણી સંપન્ન થાય તે માટે તેમણે દર્શાવેલી ઉદારતા, સંગઠન પ્રેમ અને સામૂહિક હિતને વ્યક્તિગત અભિલાષા કરતાં ઉપર સ્થાન આપવાની ભાવના ખરેખર અનુસરવા જેવી છે અને સરાહનીય છે. આવી એકતા, પરસ્પર વિશ્વાસ અને સહકારની ભાવના જ આપણી સંસ્થાની સાચી મૂડી અને સૌથી મોટી શક્તિ/તાકાત છે.

આપે અમારા પર મૂકેલો વિશ્વાસ અને સન્માન અમારી જવાબદારીઓને અનેકગણી વધારે છે. અમે દૃઢ સંકલ્પ સાથે આપને વિશ્વાસ અપાવીએ છીએ કે એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશનને વધુ મજબૂત, વધુ ગતિશીલ, વધુ લોકાભિમુખ અને દરેક પેન્શનરના હિતો તથા કલ્યાણ પ્રત્યે વધુ સંવેદનશીલ બનાવવા માટે અમે સંપૂર્ણ નિષ્ઠા, સમર્પણ અને અવિરત પરિશ્રમ સાથે કાર્યરત રહીશું. આ સંસ્થા આપણા સૌની છે. તેથી આપનું સતત માર્ગદર્શન, રચનાત્મક સૂચનો અને સક્રિય સહભાગિતા અમારી શક્તિ અને પ્રેરણાનો અખૂટ સ્ત્રોત બની રહેશે.

આ અવસરે ચૂંટણી સમિતિના અધ્યક્ષ શ્રી પરાગ બુચના કુશળ નેતૃત્વ હેઠળ સમિતિના સન્માનિય સભ્યો શ્રી પિયુષ શાહ, શ્રી સી.જે. જાજલ, શ્રી દેવાંગ છાયા અને શ્રી એસ. એમ. બુખારીએ નિભાવેલી આદર્શ અને નિષ્પક્ષ ભૂમિકાની પણ અમે કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઈએ છીએ. તેમની નિષ્પક્ષતા, સુઆયોજિત આયોજન, ઝીણવટભરી કામગીરી અને કાર્યક્ષમતાને કારણે સમગ્ર ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ, પારદર્શક, નિર્વિવાદ અને સર્વાનુમતે સફળતાપૂર્વક સંપન્ન થઇ, જે એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશનની લોકશાહી પરંપરાઓની શ્રેષ્ઠ અભિવ્યક્તિ છે.

આપ સૌએ અમારા પ્રત્યે વ્યક્ત કરેલા ઐતિહાસિક વિશ્વાસ માટે અમે નતમસ્તકે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. આપનો અવિચળ સહયોગ, વિશ્વાસ અને શુભેચ્છાઓ ફેડરેશન તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સંચાલકો સમક્ષ એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશનની પ્રતિષ્ઠા, વિશ્વસનીયતા અને ગૌરવને વધુ દ્રઢ અને ઉજ્જવળ બનાવવામાં અમૂલ્ય બળ પુરૂં પાડશે, તેવી અમને પૂર્ણ શ્રદ્ધા છે.

ચાલો, આપણે સૌ સેવા, સમર્પણ, એકતા અને પ્રગતિના પાવન પંથે ખભેખભા મિલાવીને આગળ વધીએ અને આપણી સંસ્થાને નવી ઊંચાઇઓએ પહોંચાડવા માટે સંયુક્ત પ્રયાસો ખંત અને નિષ્ઠાપૂર્વક ચાલુ રાખીએ.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ચિરંજીવ રહો!

એસબીઆઇ પેન્શનર્સ એસોસિએશન ચિરંજીવ રહો!

આપણી અતૂટ એકતા અમર રહો!

સાદર કૃતજ્ઞતા સહ,

**આર. એન. ચોક્સી** — **પ્રમુખ**

**ટીમ એસબીઆઈપીએ**

**કમાલ કાદરી** — **મહામંત્રી**

## સર્કલ સીજીએમ રાજકોટ-એસબીઆઈપીએની મુલાકાતે





એસબીઆઈપીએ-રાજકોટ યુનિટના આમંત્રણને માન આપી રાજકોટ ઓફિસની મુલાકાતે આવેલા એસબીઆઈ-ગાંધીનગર સર્કલના ચીફ જનરલ મેનેજરશ્રી બાલાજી કુમાર સીંગ સામંતા જનરલ મેનેજર નેટવર્ક-રના શ્રી અનિલ આહિરવાલ, રાજકોટ ડિજીએમ શ્રી રાજેશ પુષ્પન્ગાધન, એજીએમ રિજિયન-૧ અને



રિજિયન-૬ અને અન્ય અધિકારીશ્રીઓ એસબીઆઈપીએના હોદ્દેદારો, ઉપસ્થિત સૌ મિત્રોએ આવકારી તાળીઓનાં ગડગડાટથી સ્વાગત કર્યું. સીજીએમ સાહેબ રાજકોટની પ્રવૃત્તિઓથી પરિચિત હોવાની સાથે અત્યારની પ્રવૃત્તિઓ, બેન્કના વિકાસ માટે સામાજિક ક્ષેત્રે તેમજ પેન્શનરની સુખાકારી માટે થતા કાર્યોની નોંધ લઈ ખૂબ આનંદિત થયા. વધુમાં તેમણે નવા ટાસ્ક માટે સહકારની ઈચ્છા વ્યક્ત કરી. આ માટે ડીજીએમશ્રી પુષ્પન્ગાધન સાહેબ સાથે મળી અલગ અલગ કેમ્પેઈન માટે એસબીઆઈપીએ તરફથી સહકારની ખાત્રી ડીજીએમએ આપી. દરેક અધિકારીશ્રીઓને ખૂબ જ પ્રફુલ્લિત ચહેરે સર્વેને વિદાય આપી. સમગ્ર ટીમના સહકારથી આ અનેરા પ્રસંગની ઉજવણી થઈ તમામ સભ્યોને અભિનંદન.

## અનેરી સિદ્ધિના વાહકો

એસબીઆઈપીએ-ગાંધીનગર સર્કલની ટર્મ-૨૦૨૬ થી ૨૦૨૯ માટે થયેલ ચૂંટણી પ્રક્રિયામાં વિના વિરોધે એસબીઆઈપીએની ટીમને યુનાનિમસ કરાવવામાં જેમણે મહત્વની ભૂમિકા ભજવી છે તેવા અમદાવાદના પેન્શનર્સ **શ્રી ગૌતમભાઈ સોની**ને લાલ સલામ પાઠવીએ છીએ અને તેમના યોગદાનની નોંધ લઈએ છીએ. સાથે સાથે નીચે જણાવેલ મિત્રોએ પણ આ પ્રક્રિયા પૂર્ણ કરવામાં સહયોગ આપેલ છે એવા ગાંધીનગરના **શ્રી ક્રિષ્ણકાન્ત રાણા,** ભાવનગરના **શ્રી મનોજ પંડ્યા,** રાજકોટના **શ્રી અનિલભાઈ કુન્તાર, શ્રી એચ. ડી. રાઠોડ, શ્રી ભારથી,** અમદાવાદના **શ્રી બી. એલ. રાઠોડ**ની પણ અમો નોંધ લઈએ છીએ.

એસબીઆઈપીએના ઈતિહાસમાં આ પ્રસંગ અનેરો છે, જેના માટે ઉપરોક્ત મિત્રોના યોગદાનને સદાયે યાદ કરવામાં આવશે.

**એસબીઆઈપીએ જિંદાબાદ**

## એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-આણંદ યુનિટનો સેવાયજ્ઞ



તા. ૧૫-૦૬-૨૦૨૬ના રોજ સિંચન ફાઉન્ડેશનના બાળકોને એસબીઆઈ પેન્શનર્સ એસોસિએશન-આણંદ યુનિટ દ્વારા બેગોનું વિતરણ કરવામાં આવેલ. એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન આણંદ યુનિટના કારોબારી સભ્ય શ્રી વિનોદરાય માવાણી, પ્રમુખશ્રી હેમંતભાઈ ચોક્સી તેમજ સેવાભાવી ટીમના સહયોગ અને પેન્શનર્સ ભાઈઓ બહેનોના ડોનેશન દ્વારા સેવાયજ્ઞ સંપન્ન થયો. સંસ્થાના સંચાલક ઉમાબેન તથા શ્રી મનીષભાઈ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતા.



જેની પાસે કંઈ કામ નથી, તેને માટે શાંત રહેવું મુશ્કેલ છે - શોપનહોર

# રાજકોટની મંથલી મિટીંગ







એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-રાજકોટ દ્વારા દર મહિને "હળીએ-મળીએ અને આનંદ કરીએ", એવા શુભ આશયથી મંથલી મિટીંગ યોજવામાં આવે છે. **મંથલી મિટીંગ જાણે મિની કોન્ફરન્સ હોય તેવું વાતાવરણ જોવા મળે છે.** તા. ૧૮મી જૂને રાજકોટમાં મિટીંગ યોજાઈ. જેમાં કવિ પ્રકાશ હાથીના સ્વરમાં સુંદર પ્રાર્થના દ્વારા મિટીંગની શરૂઆત થઈ. પરિવારનાં જેતપુર નિવાસી પ્રથમ પ્રખર ટ્રેડ યુનિયનાનિસ્ટ વકીલ, હરિભાઈ ખંભોળીયાની અને અન્ય દિવંગત સાથીઓને બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

એસબીઆઈપીએ-રાજકોટ મોડ્યુલના ડીજીએસશ્રી શરદ દવેએ સવા ત્રણ વર્ષ દરમ્યાન પોતાની ઉત્સાહ / સમર્પિત કર્મઠ ટીમ દ્વારા સૌના સાથ અને સહકારથી કરેલ કામગીરીનો ચિતાર આપેલ અને કરબદ્ધ આભારની લાગણી વ્યક્ત કરેલ. બેન્કનાં ડો. સંદિપસિંહ ઝાલાએ સમગ્ર ગુજરાતમાં રાજકોટમાં સૌ પ્રથમવાર શરૂ કરવામાં આવેલ નવી વ્યવસ્થાની તેમજ અન્ય ઉપયોગી માહિતી આપી હતી. બોલબાલા ટ્રસ્ટ દ્વારા સભ્યોને ફ્રી હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું. શ્રી કે. સી. પંડ્યા દ્વારા ફિલ્મી ગીતો રજુ કરવામાં આવેલ હતા. શહેરની સુપ્રસિદ્ધ એચસીજી હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટરોશ્રી નિકુંજ કોટેચા અને મિત્તલ દવે દ્વારા કાર્ડિયાક અને ની-રિપ્લસમેન્ટ બાબતે સરળ ભાષામાં વિસ્તૃત ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. ૭૦ વર્ષ પૂર્ણકરનાર ૩૮ સભ્યોનું નિવૃત્ત ડીજીએમ દુષ્યંતભાઈ માંકડ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

સ્ટેટ બેંક પરિવારના યુવા ફિલ્મ કલાકાર હર્ષલ માંકડ દ્વારા દરેક પેન્શનરે વડીલોનું સપરિવાર પોતાની ફિલ્મ "સરગમ" જોવાનું આમંત્રણ પાઠવેલ. એસબીઆઈપીએ-રાજકોટની ટીમને હાર્દિક અભિનંદન.



# અમદાવાદ અને ગાંધીનગર સ્થિત ઈ-એસબીસીયન્સનો મિલન સમારંભ




૪, જુલાઈ ૨૦૨૬, ઈ-એસબીયન્સ અમદાવાદ અને ગાંધીનગર સ્થિત મિત્રોનો મિલન સમારંભ, સી. એમ. શાહ દશા નાગર વણિક સમાજ, થલતેજ, અમદાવાદ ખાતે યોજાઈ ગયો. જેમાં મોટી સંખ્યામાં પૂર્વ સ્ટેટ બેન્ક ઓફ સોરાષ્ટ્ર અને હાલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના પેન્શનર્સ મિત્રો ૪૦૦ ઉપરાંતની સંખ્યામાં હાજર રહ્યા. આ સભામાં વિશેષ ઉપસ્થિતિ એસબીઆઈપીએના પ્રેસિડેન્ટ શ્રી રમેશભાઈ ચોક્સી તથા જનરલ સેક્રેટરી શ્રી કમાલભાઈ કાદરી અને પોતાના કોર ટીમની રહી. જ્યારે ભાવનગરથી સર્વશ્રી પી. જે. શાહ, રાજુભાઈ સરવૈયા, એલ. સી. બોરડ પધારેલ. શ્રી ઉદયભાઈ જોશી સાહેબ, આઈપીએસ (પૂર્વ આઈ.જી. ગુજરાત સ્ટેટ), કે જે ભૂતપૂર્વ સાથી છે, ઉપરાંત શ્રી એચ. કે. ડાભી સાહેબ (ભૂતપૂર્વ જનરલ મેનેજર, સ્ટેટ બેન્ક)ની ઉપસ્થિતિ રહી.

નીચેના સભાખંડમાં હળવા નાસ્તા અને ચા સાથે સર્વ મિત્રોએ ચાહ (પ્રેમ)ની પણ આપ-લે કરી અને જૂના સંભારણા યાદ કરી મિત્રતાને "રીન્યુ" કરી. સભાનો સમય થતાં સહું મિત્રોએ વાતાનુકૂલિત સભાગૃહ તરફ પ્રયાણ કર્યું.

સભાની શરૂઆત આપણા ભૂતપૂર્વ સાથી અને જાણીતા સંગીતકાર શ્રી ધર્માન્શુ રાવલ કે જેઓ મુંબઈ/અમદાવાદમાં સંગીત સ્ટુડિયો ધરાવે છે અને સંગીત રસિયાઓને સંગીતનું જ્ઞાન આપે છે, તેમના મધુર સ્વરમાં ગણપતિ સ્તુતિથી થઈ.

ત્યારબાદ, ગત બે વર્ષમાં જે જે આપણા સાથી મિત્રોએ આ ફાની દુનિયામાંથી વિદાય લીધી છે અને આપણી વચ્ચે નથી રહ્યા તેમના પવિત્ર આત્માની ચિર શાંતિ માટે બે મિનિટનું મૌન પાળી, સભાગૃહે શ્રદ્ધાંજલિ અર્પી. આવેલ મહેમાનોનું, ગાંધીયન શૈલીમાં સુતરની આંટી પહેરાવી સન્માન કરવામાં આવ્યું. જેને તાળીઓના ગડગડાટથી સર્વએ વધાવ્યું.

સૌ પ્રથમ, સ્વાગત પ્રવચન અને "કી નોટ એડ્રેસ"માં શ્રી પી. જી. પારઘીએ જણાવ્યું કે, એસબીએસના જે હાલમાં પેન્શનર્સ મિત્રો છે કે જેઓએ ૩૦ કે વધુ વર્ષો સાથે રહી, લાગણીઓ વહેંચી, એક બૃહદ પરિવાર બનાવ્યો તે સર્વ સાથીઓને મળવાનો અને સ્નેહ વહેંચવાનો આ અનેરો અવસર છે. સાથે સાથે, એસબીએસના મર્જર વખતથી પડતર પ્રશ્નોના નિરાકરણની બાબતે ૨૦૨૩થી પેન્શનર્સ એસોસીએશનનો ચાર્જ લેનાર ટીમના લિડરોના અથાક પ્રયત્નોથી, જે પણ પ્લેટફોર્મ મળ્યા છે, ત્યાં એસબીએસના પ્રશ્નોને એસબીઆઈપીએના જનરલ સેક્રેટરી, પ્રેસિડેન્ટ અને ટીમે અચૂક ઉઠાવ્યા છે. માટે, આગામી



એસબીઆઈપીએના હોદ્દેદારોની ચૂંટણીમાં, હાલની શ્રી રમેશભાઈ ચોક્સી અને શ્રી કમાલભાઈ કાદરીના વડપણ હેઠળની ટીમને જંગી બહુમતીથી ચૂંટવા અપીલ કરી. આપણી સામૂહિક એકતા અને પારિવારિક વિશ્વાસ એ આપણી મૂડી છે. આપણે તેને સદા ટકાવીએ, હિતવર્ધક મિત્રો સાથે રહી, આપણે વણઉકેલ પ્રશ્નો અને પેન્શનર્સનું હિત જાળવીએ.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી પી. જે. શાહ અને શ્રી રાજુભાઈ સરવૈયા તથા એસબીએસના ભવ્ય ભૂતકાળને વાગોળી એમની લીડરશીપમાં મળેલા લાભોની વાત કરી, તો શ્રી એલ. સી. બોરડે એકદમ ટૂંકમાં આ મિટીંગના ઉદ્દેશ, નવી ટીમને ટેકો આપી ૨૦૨૩માં ચૂંટાયેલ ટીમની સરાહના કરી. સૌ મિત્રોને એસબીઆઈપીએની આ ટીમને ભવ્ય વિજય અપાવવા અપીલ કરી.

માનનીયશ્રી ડાભી સાહેબે (ભૂતપૂર્વ જનરલ મેનેજર, સ્ટેટ બેંક) જણાવ્યું કે આવા મિલન સમારંભો અવાર-નવાર યોજવા સૂચવ્યું અને સમારંભની સફળતા બદલ હર્ષ વ્યક્ત કર્યો અને એસબીઆઈપીએની હાલની ટીમની કામગીરીને વિશેષરૂપે બિરદાવી.

શ્રી રમેશભાઈ ચોકસી (એસબીઆઈપીએ પ્રેસિડેન્ટ) એ આ મિલન સમારંભના પ્રયાસને સ્તુત્ય પગલું ગણાવતા, એસબીએસના મર્જરના પ્રશ્નોના ઉકેલ માટે પ્રયત્નોનો દિશા નિર્દેશ કરી સૌરાષ્ટ્રના ઔદાર્ય કલ્ચરને યાદ કર્યું. એસબીએસના એક બે પ્રશ્નો જેસેન્ટ્રલ ઓફિસ લેવલે પડતર છે, તે સિવાયના પ્રશ્નોની પતાવટ થઈ ગઈ છે, એમ જણાવ્યું.




શ્રી કમાલભાઈ કાદરીએ પેન્શનર્સના હિતો માટે જે જે પ્રયત્નો કર્યા તેની રજેરજની માહિતી આપી. અને હવે બીજા પ્રશ્નો જે કોર્પોરેટ લેવલે, કોર્ટમાં પડતર પ્રશ્નો અને સરકારના નાણાકીય વિભાગમાં જે કઈ પડતર છે તેના નિકાલ માટે એસબીઆઈપીએ ફેડરેશન સંપૂર્ણ સક્રિય છે અને શ્રી નડાફ સાહેબના આવ્યા બાદ ફેડરેશન વાઈબ્રન્ટ થયેલ છે. સિંગલા કેસ અને ૪૦%-૫૦%ના કેસની વિગતે માહિતી આપી એસબીએસની શ્રદ્ધાંજલિ સ્કિમને રીવાઈવ કરીને રૂા. ૧૦,૦૦૦/-માંથી રૂા. ૩૦,૦૦૦/- કરવામાં અમારો સિંહફાળો છે, એમ કહ્યું એસબીએસના જે મિત્રોએ બેન્ક માંથી રાજીનામાં આપેલ હતા અને જે પેન્શનથી વંચિત હતા, એમને પેન્શન મળે તે માટે ભાવનગર સ્થિત જાણકાર મિત્રોનો સહકાર લઈ, પેન્શન અપાવ્યું. અમુક મિત્રોના કેસ, જરૂરી માહિતી અને ટેકનિકલ બાબતોને લઈ પડતર છે જે માટે એસબીઆઈપીએ પ્રયત્નશીલ છે. આ મિલન સમારંભ આપની જિંદગીના બીજા ૧૦ વર્ષ વધારી આપશે. અમારો ધ્યેય દરેક પેન્શનર્સ સો વર્ષ જીવે એના માટે ગેટ-ટુ-ગેધર અને ગીત સંગીતના પ્રોગ્રામ કરીએ છીએ. આજની તારીખે આપણા બે પેન્શનર્સ મિત્રો ૧૦૦ વર્ષ ઉપરનું આયુષ્ય ધરાવે છે. હમણાં નેવું વર્ષ ઉપરના ૫૬ મિત્રોનું સન્માન કર્યું અને આ સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.

પી.એફ. ફંડ મુદ્દો ન્યાયાલય આધીન હોવા છતાં, અમે ABROAના હોદ્દેદારો સાથે વડોદરા અને અમદાવાદમાં વિગતે વાત કરીને વચલા ગાળાનો સમાધાનકારી માર્ગ કાઢવા માટે વિચારવા જણાવેલ છે. સભાના અંતે ABROAના પ્રતિનિધિઓ સાથે પણ આ બાબતે ચર્ચા કરી. જરૂરી સૂચનો કર્યા છે.

અંતમાં શ્રી મહેશભાઈ પારેખ દ્વારા આભારવિધિ કરવામાં આવી. રાષ્ટ્રગાન સાથે સભા સંપન્ન થઈ અને મધુર ભોજન સાથે સહુએ પ્રીતિની વહેંચણી કરી.

સભા સંચાલન શ્રી ઉપેન્દ્ર દેસાઈ દ્વારા થયું. શ્રી સમિત શાહે નેપથ્યમાં રહી રાત દિવસ અથાક પ્રયત્ન કરી આ કાર્યક્રમને સફળ બનાવવામાં સિંહ ફાળો આપ્યો. અશોકભાઈ શાહે, પોતાના પ્રમુખ પદે ચાલતી સંસ્થાના હોલમાં તમામ ફેસેલિટી રાહતદરે આપી. આ કાર્યક્રમ માટે સ્વ. ગઠિત ટીમની (કોર ટીમ)ની કામગીરીને પી. જી. પારઘીએ બિરદાવી, પૂરી ટીમને સભા સમક્ષ રજૂ કરી. હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો.

આ સમારંભની શરૂઆતની વિચારણાથી અંત સુધી શ્રી પી. જી. પારઘીના નેતૃત્વ અને લંડનથી સતત ફોનથી ઝીણામાં ઝીણી વિગતોની માહિતી રાખનાર માર્ગદર્શક શ્રી ચિંતકભાઈ પટેલ સક્રિય રહ્યા. ઉલ્લેખ સભાગૃહ સમક્ષ ઉપેન્દ્ર દેસાઈ અને શ્રી પી. જી. પારઘીએ કરેલ, જેને સમગ્ર સભાગૃહે ભારે ઉષ્માથી વધાવેલ. કોર કમિટીના સદસ્યોનો અદમ્ય ઉત્સાહ અને સભ્યોના વ્યક્તિગત સંપર્કને કારણે આ મિટીંગ ભવ્ય સફળતામાં પરિણમી. તમામ કોર કમિટીના સભ્યોનો આભાર મિટીંગ બાદ કોર કમિટીની મિટીંગમાં વ્યક્ત કરવામાં આવ્યો.

# પેન્શનર્સ મીટ : મોરબી




આપણા એસોસીએશનની વર્તમાન ટીમના સમયગાળાનું પહેલું પેન્શનરોનું સ્નેહ મિલન પૂર્વે સૌરાષ્ટ્રના પેરિસ તરીકે ઓળખ પામેલ અને હાલ સિરામિક સીટી કે જે વિસ્તાર મહર્ષિ દયાનંદ સરસ્વતી અને મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ રાજચંદ્રજીની પુણ્ય જન્મભૂમિ તરીકે સુવિખ્યાત છે તે પ્રગતિશીલ શહેર મોરબી મુકામે જે છેલ્લું પેન્શનરોનું સ્નેહમિલન પણ આપણી બેન્ક આરબીઓ-૨ દ્વારા તા. ૧૯-૦૬-૨૦૨૬ના દિવસે યોજવામાં આવ્યું. રીજીયન ઓફિસ દ્વારા પોતાની બધી શાખાઓમાંથી પેન્શન મેળવનાર અથવા રિટાયરમેન્ટ લીધેલ બધા પેન્શનર્સ અને ફેમિલી પેન્શનર્સને મિટીંગમાં ભાગ લેવા આગ્રહપૂર્વક આમંત્રણ આપવામાં આવ્યું હતું. ૧૦૩ મિત્રોની ઉપસ્થિત સાથે સ્નેહ મિલન ખરા અર્થમાં સ્નેહ મિલન બની રહ્યું. કાર્યક્રમની શરૂઆત ગણપતિ વંદના અને મા ભારતી પાસે દીપ પ્રાગટ્ય અને રાષ્ટ્ર ગાનથી કરી. તા. ૨૩-૦૭-૨૦૧૯ બાદ અવસાન પામેલ ૨૯ સાથીદારોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં મૌન પાઠવામાં આવ્યું.

મેનેજર એચઆર શ્રી ચંદ્રકાન્ત વાણીયા દ્વારા અમદાવાદ, વડોદરા અને રાજકોટથી પધારેલ એસો.ના હોદ્દેદારો સર્વશ્રી કમાલભાઈ કાદરી, પિતાંબરભાઈ પારઘી, સુભાષભાઈ પટેલ, કાન્તીલાલ પરમાર, રમણભાઈ વાઘેલા, રવિભાઈ સોલંકી, જગતભાઈ પટેલ, શરદભાઈ દવે, જિતેન્દ્રભાઈ ગણાત્રા, દક્ષિણભાઈ જોશી, આર. કૃષ્ણ મૂર્તિ, બળદેવભાઈ પરમાર, પ્રકાશભાઈ મંગલાની, ધીરેનભાઈ માંકડ અને શ્રીમતી નયનાબેન સેલત.



એજીએમશ્રી રોહતાસ કુમાર, ચીફ મેનેજર (દેવાસ) શ્રી યશ અગ્રવાલ, ચીફ મેનેજર શ્રી ગુરમુખ વાસવાણી, શ્રી લોવા પ્રકાશ રાવ અને મોરબી રીજિયનના બધા પેન્શનર્સ, ફેમિલી પેન્શનર્સ તથા લગ્નની સુવર્ણ વર્ષગાંઠ અને વયવંદના માટે પધારેલ જીવનસાથીઓનું શાબ્દિક સ્વાગત કર્યું. મહાનુભાવોનું વાંસના બોન્સાઈ હરિયાળા છોડના કુંડા દ્વારા સ્વાગત બાદ જેમની સૂઝ અને પ્રોફેશનલિઝમ સર્વ વિદિત છે તેવા યજમાન અને સહાયક મહાપ્રબંધક શ્રી રોહતાસ કુમાર સાહેબે દેશની સહુથી મોટી અને વિશ્વસનીય આપણી બેન્કની વર્તમાન ઉચ્ચ સ્થિતિ માટે નિવૃત્ત સભ્યોના યોગદાનને ખુલ્લા દિલે બિરદાવતા થાપણ, વિશેષ રૂપે કાસા થાપણ અને ગ્રાહકવૃદ્ધિ અને ઉચ્ચતર સ્થાન માટે આહ્વાહન કર્યું. ઉપપ્રમુખ શ્રી પી. જી. પારઘીજીએ આ વિસ્તારમાં પોસ્ટીંગના સંસ્મરણો વાગોળતાં અહીંના નામજોગ નિવૃત્ત સભ્યોની વિશેષતા અને સામાજિક વ્યાવસાયિક ક્ષેત્રે વગનો બેન્કની તરફેણમાં ઉપયોગમાં લેવાની આપીલ કરી. રાજકોટ મોડ્યૂલના ડીજીએસ શ્રી શરદભાઈ દવેએ પ્રી એલસીપીસી એકાઉન્ટ ઓપનીંગ માટે કોઈ ખાતું બાકી ના હોવા માટે મોરબી યુનિટના પ્રયત્નોની પ્રશસ્તિ સાથે નોંધ લીધી. તેઓએ મોરબીના મિત્રોને રાજકોટ હોસ્પિટલ માટે મદદ અને માર્ગદર્શન માટે ખાત્રી આપી.

મુખ્ય પ્રબંધક શ્રી ગુરમુખ વાસવાણીએ નિવૃત્ત મિત્રોને અને અન્ય ગ્રાહકોને શ્રેષ્ઠ સેવા અને સંભાળ દ્વારા બેન્કના વ્યવસાયની વૃદ્ધિ માટેના સહિયારા પ્રયાસની ખાત્રી આપી.

મહામંત્રી શ્રી કમાલભાઈ કાદરીએ પોતાના માહિતીપ્રદ વિસ્તૃત સંબોધનમાં બેન્કની પ્રાથમિકતાઓ અને વિકાસમાં એસો. અને સભ્યો દ્વારા સહભાગિતા, પેન્શનર્સના કલ્યાણ અને સુખાકારી માટે એસો. દ્વારા કરવામાં આવતી પહેલ અને વિવિધ પ્રવૃત્તિઓ અને પેન્શનરની ૪૦% મર્યાદા ૫૦% કરાવવામાં, પેન્શન સુધારણા અને ડીએ ન્યુટ્રલાઈઝેશન સંબંધી પ્રગતિ અને શક્યતા વિષે

મહત્વની માહિતી આપી. નિવૃતો માટે બેન્કની મેડીકલ વીમા યોજના અને ડિસ્કાઉન્ટ તથા સબસીડી સાથે ઉપલબ્ધ દવાઓ મેળવવાનો લાભ દરેકે ઉઠાવવા માટે આગ્રહ કર્યો. વિકલાંગ બાળકોને ફેમીલી પેન્શન ઉપલબ્ધ કરાવવા તથા ટ્રિબ્યુટ યોજના સંબંધી જાગૃતિ આપી અઠવાડિક મિટીંગ્સ અને સહુ સાથે મળી બધા પેનશનર્સ-ફેમિલી પેન્શનર્સ માટે ઉદાહરણ રૂપ સામૂહિક પ્રવૃત્તિઓ કરવા, બિન સભ્યો સહિત એસો.ના મોટી સંખ્યામાં પેન્શનર્સની સ્નેહ મિલનમાં સહભાગિતા સુનિશ્ચિત કરવા મોરબી યુનિટ દ્વારા બેજોડ પ્રયત્નો માટે ખુશી વ્યક્ત કરી.

૫૦+ વર્ષોના પ્રેરણાદાયી અખંડ દાંપત્ય માટે ૧૨ દંપત્તિઓ અને ૭૦+ વર્ષની વય પ્રાપ્ત ૪૭ સભ્યો પેન્શનર્સ, જીવનસાથી અને ફેમિલી પેન્શનર્સનો વય વંદનાનો કાર્યક્રમ ઉત્સાહ, અભિનંદન, સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘ જીવન માટેની શુભેચ્છાઓ અને સ્મૃતિચિન્હો સાથે એજીએમ, મહામંત્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યો.

મોરબીમાં આપણા ઘણા સભ્યો સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહે છે તેમના પૈકી ચાર સભ્યો સર્વશ્રી કરમશીભાઈ મારવાણીયા (આદર્શરૂપ પૂર્વ સરપંચ), દલસુખભાઈ કાલરીયા (અન્ન અને મેડિકલ સહાય), ધીરૂભાઈ ચાવડા (નિ:શુલ્ક ટીફીન, રાહત દરે સન્માનજનક રસોડુ, પદયાત્રી સેવા) અને ખીમજીભાઈ માકાસણા (જન આરોગ્ય જાળવણી અને પદયાત્રી દર્દ નિવારણ)નું બેન્ક તથા એસો. દ્વારા ટોકન સ્વરૂપે સાલ ઓઢાડી, સન્માનપત્ર પ્રદાન કરી તાળીઓના ગડગડાટ સાથે જાહેર સન્માન કરવામાં આવ્યું.

સભ્યોએ પોતાના પ્રતિભાવ વ્યક્ત કર્યા બાદ શ્રી બિપીન સંઘવી દ્વારા બેન્કના એક અદના નિવૃત્ત સભ્ય તરીકે અંગત અને મોરબીના પ્રતિનિધિની રૂએ એસો.ની વર્તમાન ટીમના કાર્યકાળ દરમિયાનની સર્કલનું પ્રથમ અને છેલ્લું પેન્શનરોનું સ્નેહ મિલન મોરબી ખાતે યોજવા બદલ લાગણી સભર આભાર પ્રવચન સાથે મીટનું સમાપન, રાષ્ટ્ર ગીતનું સમૂહ ગાન રાષ્ટ્રભક્તિના ભાવ સાથે થયું.

કાર્યક્રમનું સફળ એંકરીંગ શ્રી અમૃતભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું.

---




## એસબીઆઈપીએ-ગાંધીનગર દ્વારા 'બેન્ક ડે'ની ઉજવણી

આપણી માતૃસંસ્થા એસબીઆઈનો જન્મ દિવસ દર વર્ષે ૧લી જુલાઈના રોજ ઉજવાય છે. 'બેન્ક ડે'ની ઉજવણી જ્યારે આપણે નોકરીમાં હતા ત્યારે ફરજના ભાગરૂપે ઉજવતા હતા, પણ નિવૃત્ત થયા બાદ યાદ આવતાં જ અંતરમાં ઉમળકો જાગે છે. આપણાં એસબીઆઈ પેન્શનર્સ એસોસિયેશન-ગાંધીનગર દ્વારા ૧લી જુલાઈ ૨૦૨૬ના રોજ 'બેન્ક ડે'ની ઉજવણીમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને વિદ્યાદાન રૂપે કાગળો ભેટ આવ્યા. પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની જ્ઞાનની ભૂખમાં તેમની જ્ઞાનની જ્યોતને શગને તેલ પુરૂં પાડ્યું. એસબીઆઈપીએ-ગાંધીનગર મોડ્યુલના કમિટી સદસ્ય શ્રી શૈલેષભાઈ જોશીની સાથે શ્રી અશોકભાઈ રીંડાણી, શ્રી આઈ.જી. પરમાર તથા અન્ય મિત્રો આ સેવા કાર્યમાં ઉપસ્થિત રહ્યાં હતા.



## "જાણવા જોગ"

**પરિપત્ર નં. CDO/P&HRD-PM/18/2026-27 તારીખ ૦૭-૦૭-૨૦૨૬**

પરિપત્રનો સરળ ગુજરાતી અનુવાદ અને સમજૂતી નીચે મુજબ છે.

### સ્ટાફ માટે વ્યાજમુક્ત અથવા રાહત દરે મળતી લોન પરના પરક્વિઝિટ મૂલ્ય (ટેક્ષેબલ લાભ) અંગે

આ બાબતે અગાઉના ઈ-પરિપત્ર નં. CDO/P&HRD-PM/17/2025-26 તારીખ ૦૧-૦૭-૨૦૨૫નો સંદર્ભ લેવો. સક્ષમ સત્તાધિકારી દ્વારા આ સૂચનાઓની સમીક્ષા કરીને તેને મંજૂરી આપવામાં આવી છે.

- બેંક માત્ર વર્ષ ૨૦૨૬-૨૭ માટે પાત્ર કર્મચારીઓને પૂરી પાડવામાં આવેલી સ્ટાફ હાઉસિંગ લોન, સ્ટાફ કાર લોન અને સ્ટાફ એજ્યુકેશન લોનના પરક્વિઝિટ મૂલ્ય પરનો આવકવેરો (ઈન્કમટેક્ષ) પોતે ભોગવશે એટલે કે બેંક ચૂકવશે.
- ઉપર દર્શાવેલી ત્રણ લોન સિવાયની અન્ય તમામ વ્યાજમુક્ત કે રાહત દરની લોનના પરક્વિઝિટ મૂલ્ય પરનો આવકવેરો સંબંધિત કર્મચારીએ પોતે ભોગવવાનો રહેશે.
- જે તમામ કર્મચારીઓ તા. ૩૧-૦૩-૨૦૨૫ના રોજ સેવામાં હતા અથવા પેન્શન મેળવતા હતા, તેમને જ આ જોગવાઈનો લાભ મળશે. તા. ૦૧-૦૪-૨૦૨૫ કે ત્યારબાદ બેંકમાં જોડાયેલા કર્મચારીઓને આ લાભ મળશે નહીં.
- તારીખ ૩૧-૦૩-૨૦૨૫ના રોજ સેવામાં હોય તેવા તમામ કર્મચારીઓ નિવૃત્ત થયા પછી પણ આ જોગવાઈ હેઠળ આવરી લેવાશે.
- આ સુવિધાનો લાભ લેવા માટે **પેન્શનરોએ આઈડીએફ (Income Declaration)માં પોતાની અન્ય આવક જાહેર કરવી પડશે.** જો અન્ય આવક જાહેર નહીં કરવામાં આવે અને પેન્શનની આવક ૧૨.૭૫ લાખ રૂપિયાથી ઓછી હશે, તો બેંક પરક્વિઝિટ પરનો આવકવેરો ચૂકવશે નહીં. આ નિયમ ખાસ કરીને મર્યાદિત આવક ધરાવતા સરહદી કિસ્સાઓ માટે મહત્ત્વપૂર્ણ છે.





અરિહંત ઓર્થોપેડિક હોસ્પિટલ
અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ સેન્ટર
Dr. Tejas Gandhi
M S ortho (Gold medalist)
Senior Joint Replacement Surgeon
Pioneer in MICRO Knee Surgery
Fellowship SGH Hospital (singapore)
oxford university (U.K)
૨૦,૦૦૦ થી પણ વધુ
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી નો
બહોળો અનુભવ
રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી ઉપલબ્ધ
રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ના ફાયદા
સાંધાની સચોટ ગોઠવણ અને સંતુલન
નહિવત દુખાવો, અત્યંત ઝડપી રિકવરી
સિટી સ્કેન કે એમ.આર.આઈ ની જરૂરીયાત નથી
સ્નાયુ સાચવીને થતી સબવાઈસ્ટ પદ્ધતિ
સંપુર્ણ લિગામેન્ટ સંતુલન સાથે ૧૨૦° થી વધુ
વળતા સાંધા (Hiftex Joint)
KNEE PAIN I HIP PAIN માટે
ફ્રી કન્સલટેશન અને X-RAY
SBI, ESBI, PENSIONER'S AND
SPOUSE માટે કેશલેસ સુવિધા ઉપલબ્ધ
વધુ માહિતી માટે સંપર્ક કરો :- અમિત પટેલ (M) :- 7572936190, 8238136190
બીજો માળ, ઉપનિષદ કોમ્પલેક્ષ, શ્રધ્ધા હિરો શોરૂમ ની ઉપર
શ્રેયસ ફ્લાય ઓવરબ્રિજના નીચે, માણેકબાગ, આંબાવાડી, અમદાવાદ
079 26445011, 079 26445014, www.drtejasgandhi.com

# રસપ્રદ અને માહિતીપૂર્ણ ઘટનાઓ ડોક્ટરના મુખેથી...

Q રમેશભાઈ ઓછું દેખાતું'તું અને આંખમાંથી પાણી પડતું'તું એટલે આંખના ડોક્ટરને બતાવવા ગયા. એમના મનમાં ગૂંચવણ એ હતી કે એમણે ૪ જુદી જુદી જગ્યાએ બતાવ્યુ હતું. અને નિદાનમાં સહેજ સહેજ ફરક આવતો'તો. એ પોતે ગૂંચવાઈ ગયા'તા કે અમુક ડોક્ટર એમને એવું કહ્યું કે એમને મોતિયો છે અને ઓપરેશન કરાવવું જોઈએ. અને અમુક ડોક્ટર એવું કહે છે કે હાલ કઈ ખાસ ઓપરેશનની જરૂર નથી. તો રમેશભાઈ એ શું કરવું જોઈએ?

A આવા ઘણા દર્દી આવે છે કે જે ગૂંચવાયેલા હોય છે. આમાંથી એક પણ જવાબ ખોટા નથી. નિર્ણય દર્દી અને તેમના ડોક્ટરે સાથે મળીને કરવો જોઈએ. આંખમાં એક લેન્સ છે કે જે કેમેરાની જેમ ફોટા પાડે છે. ઉંમરની સાથે સમયની સાથે અંદરનો આ ફોટા પાડવાવાળો લેન્સ દૂધિયો થતો જાય છે અને જોવાનું ધીમે ધીમે ઝાંખું થતું જાય છે.શરૂઆતમાં ઓછા પ્રકાશમાં અને સામેથી લાઈટ આવે ત્યારે જોવાની વધારે અગવડ પડે છે. જે લોકોની એકદમ એક્ટિવ લાઈફ હોય,વહેલી સવારે કે સમી સાંજે વાહન ચલાવવું પડતું હોય અથવા તો વાહન ચલાવવાનો વ્યવસાય હોય એ લોકોએ આ સમયે ડોક્ટર સાથે મળી અને અદ્યતન ટેકનોલોજી સાથે આંખનું ઓપરેશન કરવી લેવું જોઈએ. કેટલાક મોતિયા ઉંમર સાથે ધીમે ધીમે વધ્યા કરે છે જેવા કે ન્યુક્લિયર કેટરેક્ટમાં શરૂઆતમાં જોવાની બહુ તકલીફ નથી પડતી. ચશ્માના નંબર ચેન્જ કરી અને મોતિયાના ઓપરેશનને પાછું ઠેલવી શકાય છે. અલબત્ત જેમ ઉંમર સાથે વધે છે, માથાના વાળ સફેદ થાય તેમ મોતિયો સમય સાથે વધે જ છે. પરંતુ થોડા ઘણા અંશે ઝાંખું થવાની સમસ્યાને યોગ્ય ચશ્મા આપીને નિભાવી શકાય છે અને મોતિયાના ઓપરેશનને પાછું ઠેલવી શકાય છે. પણ આવા મોતિયામાં પણ થોડાક મહિનાઓમાં કે થોડાક વર્ષોમાં જોવાનું વધુ ઝાંખું લાગે છે, રસ્તા પરના બોર્ડ ઝાંખા દેખાય છે, પોતાના ઓળખીતા લોકો પણ નજીક આવે પછી ઓળખાય છે. દરેક વ્યક્તિએ એક પછી એક આંખ બંધ કરીને નજર માપવી જોઈએ. જેથી એક આંખે ખાસો એવો મોતિયો વધી જાય ત્યાં સુધી ખબર ના પડે અને કોમ્પ્લિકેશન થાય એવું ના થાય. મોતિયાના ઓપરેશનને વહેલું કરવું પણ જરૂરી નથી અને મોડું થવા દેવું પણ જરૂરી નથી. જો સમયસર અદ્યતન નવીનતમ ટેક્નોલોજીથી મોતિયાનું ઓપરેશન કરવામાં આવે તો તરુણ જેવી સ્પષ્ટ અને ધારદાર નજર પાછી આપી શકાય છે. તરુણને જેમ નજીક-દૂરના કે બેતાળાના ચશ્મા ના હોય, તેવી જ રીતે નવા જમાનાના વડીલો કે જે મોતિયાના ઓપરેશન કરાવે છે તો નેત્રમણીનું પ્રત્યારોપણ જ એવી રીતે કરવામાં આવે કે નજીક-દૂરના ચશ્મા ઉપર બિલકુલ આધાર ના રહે. ઓપરેશનમાં ખુલ્લી આંખે અંદર જવાનું, ખુલ્લી આંખે બહાર આવવાનું, પાટો નહીં, પટ્ટી નહીં, કાળા ચશ્મા નહીં, ઈન્જેક્શન નહીં, બે કલાકમાં રસોઈ પણ કરી શકાય, ટીવી પણ જોઈ શકાય અને વાહન પણ ચલાવી શકાય. બીજા દિવસે મોટા ભાગના લોકો પોતાના રૂટિન કામે ઓફિસ જવાનું કે વાહન ચલાવવાનું કામ ચાલુ કરી દેતાં હોય છે.



ડૉ. તેજલ દલાલ
M.S. (Ophthal.) Member of American Academy
છેલ્લા 20 વર્ષથી SBI પેન્શનરોને સેવા આપી રહ્યા છે.
ગાંધીનગર | વિજય ચાર રસ્તા | ચાંદખેડા | મોડાસા | સાગવાડા
એપોઈન્ટમેન્ટ બુક કરવા માટે
77780 57500
Celebrating 25 of Visionary Care!
TEJ EYE CENTER THE EYE HOSPITAL

With Best Compliments
from
Dr. Manjit Sing Bhalla
Dental Surgeon (B.D.S.)
to
SBI PENSIONER'S ASSOCIATION, AHMEDABAD CIRCLE
Bhalla Dental Clinic and Implant Centre
2nd Floor Galaxy Mall,
Nehrunagar Char Rasta,Satellite Road,
Ahmedabad-380 015 Gujarat. INDIA
**E-mail :** msbhalla@drbhalla.com
**Tel. Clinic:**+91 79 26730407, 9033050240
**Resi. :** 91+91 79 26852946, 26852744
(M) +91 9824193935 • Timings : 9.00 am 1.00 pm & 5.30 pm to 9.30 pm
Note : Free Consultation for All SBI Pensioners

## પ્રભુશરણ

| ક્રમ | પી.એફ.નં. | પેન્શનર્સ / ફેમિલી પેન્શનર્સનું નામ | સ્થળ | મોબાઈલ | અવસાન તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | 3505944 | સંતોષકુમાર કાશીપ્રસાદ દુબે | અમદાવાદ | 9712346544 | ૨૬-૦૬-૨૦૨૬ |
| ૨. | 728144 | નલિનકુમાર અંબાલાલ દેસાઈ | અમદાવાદ | 9898170363 | ૧૮-૦૬-૨૦૨૬ |
| ૩. | 1738445 | ઘનશ્યામ ભાનુશંકર પંડ્યા | અમદાવાદ | 8140768181 | ૨૦-૦૫-૨૦૨૬ |
| ૪. | 5198089 | મનહરભાઈ રામજીભાઈ વાંકડા | બીલીમોરા | 9537382470 | ૦૩-૦૭-૨૦૨૬ |
| ૫. | 740284 | ગુણવંતલાલ કાન્તીલાલ બ્રહ્મભટ્ટ | અમદાવાદ | 9898441528 | ૦૧-૦૭-૨૦૨૬ |
| ૬. | 7288748 | ચંદ્રકાન્ત એમ. શાહ | વડોદરા | 9879308859 | ૦૩-૦૭-૨૦૨૬ |
| ૭. | 1745956 | અનુપમ હરીભાઈ દેસાઈ | નવસારી | 9978138156 | ૨૮-૦૫-૨૦૨૬ |
| ૮. | 3508897 | ટીના ધનજીભાઈ હરીજન (ફેમિલી પેન્શર્સ) | વડોદરા | 9824831874 | ૨૫-૦૬-૨૦૨૬ |
| ૯. | 737062 | વસુબેન એન. ચાવડા (ફેમિલી પેન્શનર્સ) | અમદાવાદ | 9099858844 | ૦૩-૦૭-૨૦૨૬ |
| ૧૦. | 1706403 | શશીકાન્ત કેલકર (પ્રભાવતીબેન એસ. કેલકરના પતિ) | વડોદરા | 9429833105 | ૦૬-૦૭-૨૦૨૬ |
| ૧૧. | 733822 | વિનાયક એન. પાઠક | અમદાવાદ | 9426366259 | ૧૪-૦૭-૨૦૨૬ |
| ૧૨. | 5199700 | બચુભાઈ ગુલાભાઈ પટેલ | આણંદ | 7226030183 | ૦૬-૦૭-૨૦૨૬ |

**પ્રભુ, સદ્‌ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.**

**ખાસ નોંધ : પેન્શનર્સના અવસાનની માહિતી આપનારે પેન્શનર્સનું પુરૂં નામ, પી.એફ. નંબર અને મોબાઈલ નંબર અવશ્ય જણાવવો.**




SEE LIFE IN
HIGH DEFINITION:
GET YOUR
EYES CHECKED
REGULARLY!
Collective experience and expertise of our doctors to help you see and live better. Book your consultation to see the difference.
FREE EYE CHECK-UP*
*Limited Period Offer
For SBI Pensioners & their Family Members
CATARACT • GLAUCOMA • RETINA • REFRACTIVE • SQUINT • PAEDIATRIC • OPTICALS • PHARMACY
SERVING 3 MILLION PATIENTS A YEAR
300,000 SURGERIES A YEAR
285+ HOSPITALS
10 COUNTRIES
dragarwal.com
Dr Agarwals
Eye Hospital
OUR HOSPITALS IN GUJARAT:
Dr Agarwals Eye Hospital: Ahemdabad | Udhana | Chandkheda | Vadodara
Savani Eye Hospital: Bhavnagar | Dhruva Eye Hospital: Rajkot
Prizma Eye Clinic: Adajan Road | Ring Road |Vesu | Dr Ashish Gusani: Vapi
Locate Us
For Appoinment: 95949 24056

## શું આપે લેવી / ડોનેશનની રકમ જમા કરાવી ?...

મિત્રો, આ બાબતની સતત જાણ આપને કરતા આવ્યા છીએ. આપ સૌને મળેલ લાભની રકમથી (એક્સગ્રેસિયા અને ૪૦% થી ૫૦% વધારા) પેન્શનમાં વધારો થવાથી આપ સૌ ખુશ છો જ. હવે પેન્શનર્સ એસોશિયેશનને પોતાની જવાબદારી નિભાવવા આપના સહકારની જરૂરિયાત છે. તે માટે આપને ફરીવાર યાદ અપાવીએ છીએ કે આપની લેવી/ડોનેશનની રકમ જમા કરાવવાની બાકી હોય તો વિના વિલંબે તુરંત જ ઓનલાઈન અથવા ચેક દ્વારા મોકલી આપવા વિનંતી કરીએ છીએ. આપણા એસોસિએશનનો ખાતા નંબર નીચે પ્રમાણે છે. ઓનલાઈન જમા કરાવતી વખતે આપનો પી.એફ. નંબર ખાસ લખવા વિનંતી.

**Name : SBI Pensioners Association** **Account No. : 30855862333**

**Branch Name: AHMEDABAD MAIN BRANCH, AHMEDABAD (00301)**

**Branch IFSC Code: SBIN0000301**

**PF No. : __________ Name : ____________________________ MOBILE No. : __________________**

### LEVY / DONATION

જે મિત્રોએ તા.૦૧/૦૬/૨૦૨૬થી ૩૦/૦૬/૨૦૨૬ સુધીમાં લેવી / ડોનેશન જમા કરાવેલ છે તેઓની યાદી નીચે પ્રમાણે છે. જેઓએ તા. ૩૦/૦૬/૨૦૨૬ પછી લેવી કે ડોનેશન જમા કરાવેલ છે, તેઓના નામ ઓગસ્ટ માસના અંકમાં પ્રસિદ્ધ થશે. જેની નોંધ લેવા વિનંતી.

| Date | P F No. | Name of the Pensioner / Firm | Credit | Receipt |
|---|---|---|---|---|
| | | **DONATION** | | |
| 19-Jun-26 | 1717812 | PRADIPKUMAR MEGHRAJJI SHARMA | 21000 | 29171 |
| 08-Jun-26 | 5250625 | KIRTIBHAI M. SHAH | 11000 | 29124 |
| 12-Jun-26 | 5186323 | MAYURIBEN GAURANGBHAI SHAH | 11000 | 29137 |
| 19-Jun-26 | 1703153 | ARVINDBHAI S. PATEL | 11000 | 29170 |
| 19-Jun-26 | 1714996 | HARSHADKUMAR J. SOLANKI | 5151 | 29168 |
| 29-Jun-26 | 3509273 | SUNIL RAMAKANT BHARADWAJ | 5100 | 29206 |
| 19-Jun-26 | 1714503 | BHIKHABHAI BIJALBHAI KORADIA | 5001 | 29144 |
| 19-Jun-26 | 2883236 | KAUSHIKBHAI MANUBHAI SHAH | 5001 | 29165 |
| 19-Jun-26 | 367850 | MAHESH B. PANDYA | 5001 | 29166 |
| 19-Jun-26 | 704555 | CHANDRAKANT N. BAPODARA | 5001 | 29167 |
| 22-Jun-26 | 1736388 | HARSHAD CHANDUBHAI PATEL | 5001 | 29193 |
| 08-Jun-26 | 734047 | HARIPRASAD I. PANCHAL | 5000 | 29126 |
| 08-Jun-26 | 732346 | BHARATKUMAR R. PATEL | 5000 | 29127 |
| 17-Jun-26 | 5175828 | KAMAL JASHVANTRAI RAVAL | 5000 | 29139 |
| 18-Jun-26 | 5180384 | BHASKAR CHANDRAKANT RAVAL | 5000 | 29141 |
| 19-Jun-26 | 5190460 | MAHENDRAKUMAR DINESHCHANDRA SHAH | 5000 | 29163 |
| 19-Jun-26 | 1708651 | GATORSINGH RAJABHAI DABHI | 5000 | 29164 |
| 25-Jun-26 | | NAME NOT TO DISCLOSE | 5000 | 29197 |
| 18-Jun-26 | 1729128 | BHARATKUMAR P. BHATT | 3100 | 29142 |
| 20-Jun-26 | 5176409 | HASMUKH DHIRAJLAL SHAH | 3000 | 29185 |
| 20-Jun-26 | 5171911 | BHARATKUMAR S. PANDYA | 3000 | 29186 |
| 20-Jun-26 | 8271437 | JAYANTILAL KARMSHIBHAI PATEL | 3000 | 29187 |
| 19-Jun-26 | 1703633 | CHANDRAKANT MANILAL PARIKH | 2501 | 29162 |
| 19-Jun-26 | 1719475 | MAFABHAI VALABHAI PARMAR | 2500 | 29161 |
| 20-Jun-26 | 8277958 | NATWARLAL KALYANJI JANI | 2500 | 29188 |
| 19-Jun-26 | 1724061 | BHARTAT JAYANTILAL KARALIA | 2300 | 29145 |
| 19-Jun-26 | 2887940 | JITENDRA DHIRAJLAL CHHAPIA | 2100 | 29160 |
| 17-Jun-26 | 5172993 | RAMANLAL R. VANKAR | 2100 | 29183 |
| 19-Jun-26 | 710431 | HASMUKH M. PATEL | 2000 | 29158 |
| 22-Jun-26 | 704903 | JESINGBHAI H. CHAUDHARI | 2000 | 29194 |
| 30-Jun-26 | 5184746 | KIRANBHAI BALRAMBHAI PUROHIT | 2000 | 29212 |
| 12-Jun-26 | 729280 | HARSUKHLAL B. GOHEL | 1111 | 29136 |
| 08-Jun-26 | 5170575 | RUPABEN ANIL DAVE | 1100 | 29125 |
| 19-Jun-26 | 5202973 | NAGARBHAI PARMABHAI MAKWANA | 1100 | 29156 |
| 19-Jun-26 | 1702483 | PRATAPRAI P. PARWANI | 1100 | 29157 |
| 25-Jun-26 | 5175240 | HARSHADRAY H. DHOLAKIA | 1100 | 29196 |
| 01-Jul-26 | 3514404 | RAJESHKUMAR JETHALAL SHAH | 1001 | 29214 |
| 17-Jun-26 | 1721453 | JAYKUMAR RATILAL DESAI | 1000 | 29140 |
| 19-Jun-26 | 744131 | KHUSHALBHAI D. PATEL | 1000 | 29155 |
| 20-Jun-26 | 732818 | KARAMSHI D. MARVANIA | 1000 | 29173 |
| 01-Jul-26 | 3503976 | SANDHYA PRADIP ABHYANKAR | 1000 | 29215 |
| 01-Jul-26 | 730130 | VASANT T. CHADDARWALA | 1000 | 29216 |
| 02-Jul-26 | 5171393 | MAHENDRAKUMAR B. SHAH | 1000 | 29220 |
| 03-Jul-26 | 1722948 | PANKAJKUMAR REVANDAS CHAVDA | 500 | 29221 |
| 01-Jul-26 | 703613 | NILKANTH G. ATHAWALA | 500 | 29222 |
| 01-Jul-26 | 1702521 | VIPIN GORDHANDAS PATHAK | 200 | 29223 |
| | | **LEVY** | | |
| 19-Jun-26 | 1708651 | GATORSINGH RAJABHAI DABHI | 11000 | 29169 |
| 01-Jul-26 | 725323 | HARESH SHANTILAL DESAI | 10000 | 29213 |
| 29-Jun-26 | 1705989 | DILIPKUMAR Y. PATHAK | 8545 | 29210 |
| 15-Jun-26 | 5171644 | ANILKUMAR RAMESHCHANDRA MAHETA | 6500 | 29138 |
| 19-Jun-26 | 734799 | JEYESHBHAI SHASHIKANT MEHTA | 2600 | 29146 |
| 05-Jun-26 | 5202973 | NAGARBHAI PARMABHAI MAKWANA | 1100 | 29123 |
| 29-Jun-26 | 2887835 | ALTAF PARVIZBHAI SOLANKI | 1100 | 29207 |
| 29-Jun-26 | 5184460 | NARESH MANSUKHLAL GAJERA | 1100 | 29211 |




 ચર્ચામાં ઊતરવું એ સારી વાત છે. પણ ચૂપ રહેવું એ એના કરતાં પણ સારી વાત છે. - કારબાઈલ


Eye-care® Hospital
ફ્રી
આંખની
તપાસ
SBI, eSBI ના પેન્શનર્સ તથા
તેમના કુટુંબીજનો માટે
(અદ્યતન સાધનો દ્વારા આંખની સોનોગ્રાફી સહીત)
PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
PRE ACCREDITED
• Cataract
• Cornea
• Lasik
• Retina
• Glaucoma
• Oculoplasty
આઈ-કેર હોસ્પિટલના નિષ્ણાંત સર્જન
ડૉ. શશાંક રાઠોડ
ડૉ. આંશી રાઠોડ
સમય: સવારે 9:00 થી 12:00,
બપોરે 3:00 થી સાંજે 6:00 વાગ્યા સુધી
Eye-care® Hospital
પોલીટેકનીક રોડ,
કેતવ પેટ્રોલ પંપની પાછળ,
અમદાવાદ- ૩૮૦૦૧૫
૯૮૨૪૦૮૬૬૧૧
૦૭૯-૨૬૪૪૬૧૩૩
www.eyecarehospital.org
www.eyecarelasikcentre.com

Registered under RNI No. GUJBIL/2007/29606.
"Registrered under Postal Registration No. GAMC-1658/2021-2023 valid upto X31st December-2023 issued by the SSPO's, Ahmedabad City Division, Permitted to post at Ahmedabad PSO, on 26th of every month."
Licensed to Post Wihout Prepayment No. PMG/NG/053/2021-23 valid upto 31/12/2023





# ડો. પ્રતાપ દેસાઈ આઈ હોસ્પીટલ

| ડો. પ્રતાપ દેસાઈ | ડો. હેમાક્ષી પી. દેસાઈ | ડો. સુરોહી શાહ |
|---|---|---|
| M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) | M.S. (ઓપ્થોલમોલોજી) |

રિટાયર્ડ સિનિયર મેડીકલ ઓફીસર, SBI, LHO, અમદાવાદ.

હવે નવા સરનામા ઉપર અત્યાધુનિક સુવિધા સાથે જુનો વિશ્વાસ

ક્લિનિકઃ ૨૦૧/૨૦૨, ક્ષિતીજ આર્ય, આઈઓસી પેટ્રોલ પંપ પાસે, ગોલ્ડન ટ્રાયેન્ગલ સામે, સ્ટેડીયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.

મળવાનો સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ તથા સાંજે ૪.૦૦ થી ૭.૦૦ એપોઈન્ટમેન્ટ : (મો) ૯૩૧૬૫૬૫૧૫૦, ०૭૯-૨૬૫૬૪૫૪૭

ચશ્માના નંબર લેજરથી ઉતારવા માટે : ક્લિયરવ્યુ લેસર સેન્ટર, સ્ટેડિયમ પ્લાઝા, યોગેશ ખમણ પાસે, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ • સમય : સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ • ફોન : ૭૯૪૮૪૬૦૨૦૨, ૯૭૨૫૪૪૭૩૭૩

ડો. પ્રતાપ દેસાઈ પણ SBIના જ પેન્શનર્સ છે. જેમણે અવિરત છેલ્લા ૩૨ વર્ષથી SBI પરિવાર માટે સિનિયર મેડિકલ ઓફિસર તરીકે નિ:સ્વાર્થ સેવાઓ આપેલ છે.

ડો. દેસાઈની આઈ હોસ્પિટલ પેરેમાઉન્ટ ટીપીએ, એસબીઆઈ જનરલ ઈન્સ્યોરન્સ સાથે પ્રિમિયમ કેટેગરીમાં જોડાયેલ છે.
(PPN Hospital Networkના રેટ્સ અમારી સર્જરી માટે લાગુ પડતા નથી) SBI અને e-SBI પેન્શનર્સ અને તેમના સ્પાઉઝને નિઃશુલ્ક કન્સલ્ટેશન

• એસબીઆઈ એમ્પ્લોઈઝ માટે ખાસ •

સુવિધા કેસલેશ જેવી, લેન્સ ઉચ્ચતર ગુણવત્તાવાળો, કેસલેસ ક્લેઈમમાં લિમિટ હોવાથી લેન્સની ગુણવત્તામાં લિમિટ આવતી હોય છે. Reimbursementમાં કેસલેસની વધુ સુવિધાઓ


**મંથલી મિટીંગ :** ઓગસ્ટ માસની મંથલી મિટીંગ તા. ૧૯-૦૮-૨૦૨૬ના રોજ બુધવારે બપોરે ૩.૩૦ કલાકે, બીજો માળ, સ્ટાફ કેન્ટીન, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, જુની લોકલ હેડ ઓફિસ, લાલ દરવાજા, અમદાવાદ ખાતે યોજવામાં આવશે. અમદાવાદના તમામ પેન્શનરોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અપીલ છે. આ મિટીંગ એસબીઆઈ પેન્શનર્સ એસોસીએશન દ્વારા ફેસબુક ઉપર લાઈવ કરવામાં આવશે.

સભ્યો માટે સંપર્ક સ્થળ : એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૬ સુધી)
e-mail: gujpension@gmail.com • whatsapp no. 99982 65158 આ વોટ્સએપ નંબર ઉપર માત્ર મેસેજ કરવો કોલ કરવો નહિં.
President - R. N. Choksi : 7600978838 (Vadodara) General Sec. - Kamal Kadri: 9825578619

The Views expressed in the articles/write ups in the magazine are not necessarily those of the Association / Editorial Board. Readers will please refer to the concerned writers / Authors as to the authenticity of facts/ figures.

The advertisement in the magazine are only commercial ones and don't confer any assurances/ recommnedations from the part of the Association and its office-bearers/ Editorial Board members. Readers may make any transactions with them only after their independent enquiries.

**Printed & Published by :** Kamal Kadri on behalf of State Bank of India Pensioners' Association & **Printed at : Print Vision,** Near Central Bank of India, Ambawadi Bazar, Ahmedabad-380006.
**Published from:** SBI Zonal Office, 3rd Floor, C.N. Vidhayalay, Ambavadi, Ahmedabad-380015

Editor : Kamal Kadri Editorial Board : R. N. Choksi, Smt. Lalitha Iyer, Kantilal Parmar, Chintak Patel

If undelivered please return to :
• પ્રકાશન સ્થળ •
એસબીઆઈ ઝોનલ ઓફિસ
ત્રીજા માળે, સી.એન. વિદ્યાલય,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫